પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૫૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૫-૦૨-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બજેટમાં નવા કોઈ કરવેરાની જાહેરાત નહીં

## નાણાપ્રધાન કનુ દેસાઈએ વિધાનસભામાં રુપિયા ૩ લાખ ૧ હજાર ૨ ૨ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું

### સમતોલ વિકાસના લક્ષ્યને પ્રાપ્ત કરવા સરકાર કટીબદ્ધ છે. ગુજરાતે દેશના ગ્રોથ એન્જીન તરીકેનું બીરુદ મેળવ્યુ છે : નાંણામંત્રી

ગાંધીનગર,

ગુજરાતના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ આજરોજ ગુજરાત વિધાનસભામાં નાણામંત્રી તરીકે બીજી વાર બજેટ રજુ કર્યું હતું. તેમણે બજેટ પોથીમાં ગત વર્ષ કરતા ૫૭૦૫૩ કરોડના વધારા સાથેનું બજેટ રજુ કર્યું હતું. કનું દેસાઈએ ગુજરાતીઓને મોટી ભેટ આપી છે. નાણામંત્રી દ્વારા કરના દરમાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો. નવો કોઈ કર લાગુ નથી કરવામાં આવ્યો. રાજય સરકારે ગુજરાતની જનતા પર એક પણ પ્રકારના નવા કરાવેરનો બોજ લાધ્યો નથી. નાણાપ્રધાન કનુ દેસાઈએ વિધાનસભામાં રુપિયા ૩ લાખ ૧ હજાર ૨ ૨ કરોડનું બજેટ રજૂ કર્યુ છે. જેમાં ગત વર્ષ કરતા ૫૭૦૫૩ કરોડનો વધારો થયો છે. ગુજરાત વિધાનસભામાં બજેટની શરુઆત નાણા પ્રધાન કનુ દેસાઈએ ગુજરાત વિધાનસભામાં બજેટ રજૂ કરવાની



શરુઆત સાથે તેમણે જણાવ્યુ કે સમતોલ વિકાસના લક્ષ્યને પ્રાપ્ત કરવા સરકાર કટીબદ્ધ છે. ગુજરાતે દેશના ગ્રોથ એન્જીન તરીકેનું બીરુદ મેળવ્યુ છે.નાણાં પ્રધાન કનુ દેસાઈ તિલક કરીને શુભ બજેટ માટે ઘરેથી રવાના થયા હતા.

નાંણામંત્રીએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અંતર્ગત મિશન સ્કૂલ ઓફ એકસીલેન્સ અંતર્ગત માળખાકીય અને અન્ય સુવિધાઓ માટે ૩૧૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ છ થી ૧ ૨ સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તા યુક્ત શિક્ષણ વિના મૂલ્ય મળે તે માટે ૬૪ કરોડની જોગવાઈ કરાઇ છે.જયારે સરકારી શાળાઓની માળખાગત સુવિધાઓની જાળવણી માટે ૧૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ એકથી આઠમાં આરટીઆઈમાં અભ્યાસ કર્યો હોય અને ધોરણ આઠ પછી પણ ખાનગી શાળામાં અભ્યાસ કરી શકે તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટમાં મહિલા અને બાળ વિકાસ માટે ૬ હજાર ૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગરીબ અને જરુરિયાતમંદ લોકોને રાહતદારે અનાજની સાથે વિશેષ પ્રોટીન અને વિટામીનયુકત આહાર ઉપલબ્ધ કરાવવા વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક વય જુથના લાભાર્થીઓ ખાસ કરીને સગર્ભા અને ધાત્રી માતાઓ , બાળકો, કિશોરીઓ અને વિદ્યાર્થીઓના આરોગ્યની ચકાસણી નિયમિત રૂપે કરવામાં આવે છે.બજેટમાં જણાવવામાં આવ્યુ કે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ વધારાશે. કનુ દેસાઈએ જણાવ્યુ કે સરકારે મૂડી ખર્ચ વધારીને ૭૨ હજાર ૫૦૯ કરોડ રુપિયાની જોગવાઈ કરી છે.સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે ૫૫૮૦ કરોડની જોગવાઈ,વૃદ્ધ પેન્શન યોજના અને નિરાધાર વૃદ્ધો માટે આર્થિક સહાય યોજના હેઠળ ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા ૧૩૪૦ કરોડની જોગવાઈ,દિવ્યાંગોને પેન્શન આપવા માટે ૫૮ કરોડની જોગવાઈ, બૌદ્ધિક અસમર્થતા ધરાવતા વ્યક્તિઓને આર્થિક સહાય માટે ૬૦ કરોડની જોગવાઈ,દિવ્યાંગનોને સાધન સહાય અને એસટી બસમાં મફત મુસાફરી માટે ૫૨ કરોડની જોગવાઈ,અનુસૂચિત જાતિ માટે આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ ૨૦ કરોડની જોગવાઈ કુવરબાઈ મામેરુ યોજના હેઠળ ૫૪ કરોડની જોગવાઈ અને સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે

આ ઉપરાંત આંબેડકર આવાસ યોજના અને પંડિત દિન દયાળ યોજના માટે ૨૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. છોટાઉદેપુર, મોરબી અને ગિર સોમનાથમાં આંબેડકર ભવન બાંધવા પાંચ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તો આ તમામ જિલ્લાઓમાં ચિલ્ડ્રન હોમ બનાવવા ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે., આદિજાતિ ખેડૂતોને મીની ટ્રેક્ટર, રોટાવેટર અને થ્રેશર જેવા આધુનિક કૃષિ યંત્રો આપવા માટે રૂા૨૯ કરોડની જોગવાઇ., ફોરેસ્ટ રાઈટ્સ એકટ હેઠળ આદિજાતિ કુટુંબોને આર્થિક સહાય આપવા માટે રૂ.૬૦ કરોડની જોગવાઇ.,સિંચાઇની સુવિધા વધારવા માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ સાથે લિફ્ટ ઈરિગેશન યોજનાથી અંદાજે ૧૨ હજાર આદિજાતિ ખેડૂતોને લાભ આપવા માટે જોગવાઈ કરવામાં આવી છે માનવ ગરિમા યોજના હેઠળ લોકોને સ્વરોજગારીનો લાભ આપવા માટે રૂા૧૫ કરોડની જોગવાઈ. કરવામાં આવી છે જયારે પર્યટન સ્થળોમાં પ્રવાસીઓને આદિજાતિ સંસ્કૃતિની અનુભૂતિ થાય, પ્રકૃતિનો સંગાથ મળે અને તે સાથે આદિજાતિ પરિવારોનો આર્થિક ઉત્કર્ષ થાય તે માટેની હોમ સ્ટે યોજના માટે રૂા૯ કરોડની જોગવાઇ.

દરેક વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ પાયાની જરૂરિયાત છે. શિક્ષણના દરેક તબક્કે માળખાગત સગવડો સુદ્રઢ કરવા, નવતર ટેકનોલોજીનો ઉપયોગ કરવા તેમજ શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે સરકાર પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓના શિક્ષણકાળમાં વધારો કરવો એ વૈશ્વિક તકોનો વધારે સારી રીતે લાભ લઈ શકે તે માટે જરૂરી છે. બદલાતી ટેકનોલોજીના પરિવેશમાં અનુકૂલન સાધી શકે તે માટે શિક્ષણ સંસ્થાઓમાં જરૂરી સગવડો આપી નવતર અભ્યાસક્રમો શરૂ કરવા સરકારે આયોજન કરેલ છે. જયારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ રૂા૧૫,૧૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે રાજયના તમામ વિસ્તારો, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારના લોકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓની સાથોસાથ રેફરલ અને સુપર સ્પેશિયાલિટી સુધીની આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. દર્દીઓને દવાઓ સુલભ રીતે ઉપલબ્ધ થાય તેમજ જરૂરી નિદાન સેવાઓનો વ્યાપ ગ્રામ્યસ્તર સુધી વધે તે માટે સરકારે સઘન આયોજન કર્યુ છે. માતૃ અને બાળકલ્યાણ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી આ સેવાઓ વધુ સઘન અને સુલભ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરી આરોગ્ય સુનિશ્ચિત કરવા માળખાકિય સેવાઓનું સુનિયોજિત રીતે વિસ્તરણ કરવામાં આવશે. કેન્સર, ડાયાબિટીસ અને હાયપર ટેન્?શન જેવા બિનચેપી રોગોનું નિદાન અને સારવાર માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

## ગુજરાત ૨૦૨૩-૨૪ના બજેટમાં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ૧૯,૬૮૫ કરોડની જોગવાઈ

ગાંધીનગર,

નાણાં પ્રધાન કનુ દેસાઈએ વર્ષ ૨૦૨૩-૨૪નું ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડનું બજેટ રજૂ કર્યું છે. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે શહેરી વિસ્તારોમાં પાણી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ, ઘન કચરાનો નિકાલ, સ્ટ્રીટલાઈટ વગેરે માળખાકિય સગવડોના વિકાસ દ્વારા ગુજરાતના શહેરોના રહેણાંકનું સ્તર ઉત્તરોત્તર સુધારવાની સરકારની નેમ છે. શહેરોના મૂળ વિસ્તાર અને તેની વધારેલી હદમાં આ સગવડોનું આયોજન મૂડીક્ષેત્રે મોટું રોકાણ માંગી લે તેમ છે. વિકસિત ગુજરાતના સંકલ્પ સાથે માનવ વિકાસ સૂચકાંક સુધારવાના હેતુથી શહેરીક્ષેત્રોની માળખાકિય સગવડો માટે વિભાગના બજેટમાં ૩૭ ટકાનો માતબર વધારો સૂચવું છું. નાણાંમંત્રીએ મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ શહેરી સત્તામંડળોમાં પાયાની માળખાકિય સુવિધાઓ માટે અમલમાં મુકેલ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. આ યોજના માટે ૮૦૮૬ કરોડની જોગવાઇ.સ્થાનિક સ્વરાજની શહેરી સંસ્થાઓને નાણાકીય સહાય આપવાની યોજના (ઓકટ્રોય નાબૂદી વળતર યોજના) અંતર્ગત ૩૦૪૧ કરોડની જોગવાઇ.,અમૃત-૨.૦ અંતર્ગત પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ, તળાવોનો વિકાસ અને પરિવહન વ્યવસ્થા માટે ૧૪૫૪ કરોડની જોગવાઇ.,શહેરી વિસ્તારોને રેલ્વે ફાટક મુકત બનાવવાના અભિયાન અંતર્ગત ૧૦૦ ઓવરબ્રીજ/અંડરબ્રીજ બનાવવા માટે ૧૧૩૧ કરોડની જોગવાઇ.

આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત આગામી વર્ષમા ૧ લાખ જેટલા વધુ લોકોને આવાસ પૂરા પાડવાના લક્ષ્યાંકને સિદ્ધ કરવા ૧૦૬૬ કરોડની જોગવાઇ, અંદાજિત ૧૮ હજાર કરોડના ખર્ચે નિર્માણ થનાર અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ-૧ ની મેટ્રો સેવા કાર્યરત કરવામાં આવેલ છે, જ્યારે ફેઝ-૨ની કામગીરી પ્રગતિમાં છે. અંદાજે ૧૨ હજાર કરોડના ખર્ચે બનનાર સુરત મેટ્રો રેલ પ્રોજેકટના ફેઝ-૧ અને ફેઝ-૨ની કાર્યવાહી પ્રગતિમાં છે. આ પ્રોજેકટને રાજ્ય સરકારની સહાય પેટે ૯૦૫ કરોડની જોગવાઇ.

શહેરી પરિવહનને વધુ સશકત બનાવવા માટે મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના હેઠળ ૫૦ ટકા વાયેબીલીટી ગેપ ફંડીંગ આપવામાં આવે છે. જે માટે ૩૦૦ કરોડની જોગવાઇનેશનલ રીવર કન્ઝર્વેશન પ્લાન હેઠળ સુરતમાં તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ માટે ૨૫૦ કરોડની જોગવાઇ. સ્વચ્છ ભારત મિશન તથા નિર્મળ ગુજરાત યોજના હેઠળ ૨૬૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે નગરપાલિકાઓને વીજબીલ ભરવામાં સહાયભૂત થવા "વિજબીલ પ્રોત્સાહન નિધિ" સ્થાપિત કરવામાં આવશે. જે માટે ૧૦૦ કરોડની જોગવાઇ. જયારે મહાનગરપાલિકાઓમાં આઇકોનિક બ્રીજ બનાવવા માટે કુલ ૪૦૦ કરોડના આયોજન સામે જોગવાઇ ૧૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે આ ઉપરાંત અનેક યોજનાઓ પર નાણાંની ફાળવણી કરવામાં આવી છે.

## મારામારી અને ધક્કામુક્કી બાદ MCD હાઉસની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી

નવીદિલ્હી,

મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી (એમસીડી)ની સ્ટન્ડિંગની કમિટીના છ સભ્યોની ગઈકાલથી શરૂ થયેલી ચૂંટણી આજે પણ પૂર્ણ થઇ શકી ન હતી. ગઈકાલે સાંજથી શરૂ થયેલો હોબાળો આજે પણ યથાવત પણ રહ્યો હતો. એમસીડી હાઉસમાં સમગ્ર રાતે ચાલેલો હોબાળો આજે સવારે ફરી શરૂ થઈ ગયો હતો.સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની ચૂંટણી માટેના મતદાન દરમિયાન આપના કાઉન્સિલરો દ્વારા પોતાની પાસે મોબાઈલ રાખવા બદલ ભાજપના કાઉન્સિલરોએ વિરોધ નોંધાવ્યો હતો અને હોબાળો શરૂ થઈ ગયો હતો.

ગઈકાલે એમસીડી હાઉસના હોબાળા અંગે વાયરલ થયેલા વીડિયોમાં કાઉન્સિલરો દ્વારા મારામારી અને એકબીજા પર વસ્તુઓ ફેંકવાના દ્રશ્યો જોઈ શકાય છે. ગઈકાલ રાતે



કાઉન્સિલરો ઘરે ગયા ન હતાં અને સમગ્ર રાત એમસીડી હાઉસમાં જ પસાર કરી હતી. સવાર થતાં જ ફરીથી હોબાળો શરૂ થઈ ગયો હતો. ગઈકાલ સાંજે ૧૨થી વધુ વખત એમસીડીની કાર્યવાહી સ્થગિત થયા પછી આજે સવારે ૮.૩૦ વાગ્યે ફરીથી એમસીડીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જો કે એક કલાકની અંદર જ મેયરે એમસીડીની કાર્યવાહી આવતીકાલે સવારે ૧૦ વાગ્યા સુધી સ્થગિત કરવાની જાહેરાત કરી દીધી હતી.

એમસીડી હાઉસમાં બુધવાર રાતે ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટીના અનેક સભ્યો વચ્ચે મારામારી થઈ હતી અને પ્લાસ્ટિકની બોટલો ફેંકી હતી.આપના વરિષ્ઠ નેતા સૌરભ ભારદ્વાજે જણાવ્યું હતું કે ભાજપના કાઉન્સિલરોએ બેલેટ પેપરની સંપૂર્ણ બુક ફાડી નાખી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચૂંટણી પૂર્ણ કર્યા વગર સત્ર સમાપ્ત થશે નહીં. ભલે પછી સત્ર ગમે તેટલા દિવસ ચાલતું રહે. પત્રકાર પરિષદને સંબોધતા શીલા ઓબેરોયે આરોપ મૂક્યો હતો કે ચૂંટણી દરમિયાન ભાજપ કાઉન્સિલર દ્વારા બેલેટ પેપર ફાડી નાખવામાં આવ્યા હતાં. ભાજપ કાઉન્સિલરોએ જે વર્તન કર્યુ છે તે શરમજનક છે. બેલેટ બોક્સ ફેંકી દેવામાં આવ્યું હતું અને બેલેટ પેપર ફાડી નાખવામાં આવ્યા હતાં અને મારી પર હુમલો કરવામાં આવ્યો હતો. આવતીકાલે એમસીડીની કાર્યવાહી દરમિયાન મેયર ભાજપના કાઉન્સિલરો રેખા ગુપ્તા અને અમિત નાગપાલની વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે. ઓબેરોયે વધુમાં જણાવ્યું હતું કે કોઈ પણ એક્ટમાં લખ્યું નથી કે મોબાઈલ ફોન વોટિંગ દરમિયાન પ્રતિબંધિત હોય છે અમે વકીલોની સલાહ લીધી છે તેમનું પણ આવું જ માનવું છે. જે મત પડી ગયા છે તેમને અયોગ્ય ગણવામાં નહીં આવે.

## કેન્દ્ર સરકારે કુલ ૯૦૦ કરોડ રૂપિયા રોકડ અને ૮,૦૦૦ કરોડ રૂપિયાની અઘોષિત સંપત્તિ જપ્ત કરી

નવીદિલ્હી,

વર્ષ ૨૦૧૬માં ૮ નવેમ્બરના રોજ અચાનક જ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો બંધ કરી દેવામાં આવી હતી. આ ઘટનાને નોટબંદી નામ મળ્યું. હવે નાણા મંત્રાલયના અધિકારીઓ પાસેથી જાણકારી મળી છે કે નોટબંદી બાદ નરેન્દ્ર મોદીની આગેવાનીવાળી કેન્દ્ર સરકારે કુલ ૯૦૦ કરોડ રૂપિયા રોકડ અને ૮,૦૦૦ કરોડ રૂપિયાની અઘોષિત સંપત્તિ જપ્ત કરી છે. એટલું જ નહીં, નોટબંદી બાદ ઈનકમ ટેક્સ રિટર્ન ભરનારા લોકોની સંખ્યામાં ૨૫ ટકાનો જોરદાર વધારો પણ જોવા મળ્યો. તેનો ફાયદો સરકારને મળતા ટેક્સમાં પણ જોવા મળ્યો. રિપોર્ટ મુજબ, નવેમ્બર ૨૦૧૬ અને માર્ચ ૨૦૧૭ વચ્ચે નોટબંદી બાદ ૯૦૦ કરોડ રૂપિયાની જપ્ત થઈ, જેમાં ૬૩૬ કરોડ રૂપિયાની રોકડ અને ઈનકમ ટેક્સ વિભાગ દ્વારા ચલાવવા આવેલા તપાસ અને જપ્ત અભિયાનો દ્વારા લગભગ ૭,૯૬૧ કરોડ રૂપિયાની અઘોષિત આવક સામેલ છે. નાણાં મંત્રાલયના અધિકારીઓ મુજબ, નોટબંદીથી ન માત્ર કાળા ધનની જાણકારી મળી, પરંતુ તેનાથી ટેક્સ કલેક્શનમાં પણ વધારો થયો અને ટેક્સ બેઝનો વિસ્તાર થયો. સત્તાવાર અધિકારીઓ મુજબ, નોટબંદીની કવાયત બાદ જ્યારે સરકારે ૮ નવેમ્બર ૨૦૧૬ની સાંજે અચાનક ૫૦૦ અને ૧૦૦૦ કિંમતની કરન્સી નોટો બંધ કરવાની જાહેરાત કરી તો ત્યારબાદ ટેક્સ કલેક્શનમાં ૧૮ ટકાની વૃદ્ધિ જોવા મળી, જે છેલ્લા ૭ નાણાકીય વર્ષોમાં સૌથી વધુ હતી. નાણાં મંત્રાલયના આંકડાઓ મુજબ, ડિમોનેટાઈઝેશનના સકારાત્મક પ્રભાવના કારણે દેશમાં કર અનુપાલનમાં વૃદ્ધિ થઈ કેમ કે વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન, વ્યક્તિગત આવક એડવાન્સ ટેક્સ કલેક્શનમાં ૨૩.૪ ટકાનો વધારો થયો, જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭માં વ્યક્તિગત ઈનકમ સ્વ-મૂલ્યાંકન કરમાં ૨૯ ટકાની વૃદ્ધિ થઈ. તેનાથી ખબર પડે છે કે, નોટબંદી ગેર કોર્પોરેટ અને વ્યક્તિગત કરદાતાઓના સ્વૈચ્છિક ટેક્સ પેમેન્ટ પર મોટો પ્રભાવ પડ્યો, એ સિવાય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન દાખલ કરવામાં આવેલા ઈનકમ રિટર્નમાં ૨૫ ટકાની વૃદ્ધિ હાંસલ કરવામાં આવી, જે છેલ્લા ૫ વર્ષોમાં હાંસલ કરવામાં આવેલો ઉચ્ચતમ દર હતો. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૮૫.૫૧ લાખની તુલનામાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન નવાં ઈ ફાઈલ કરનારા લોકોની સંખ્યા લગભગ ૧.૦૭ કરોડ હતી. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન કોર્પોરેટ કરદાતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલા રિટર્નની સંખ્યામાં ૧૭.૨ ટકાનો વધારો જોવા મળ્યો. તે વર્ષ ૨૦૧૬-૧૭માં ૩ ટકા અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૩.૫ ટકાના વિકાસ દરથી ૫ ગણો વધારે હતો.

## ૨૦૦૭માં મંજૂર યોજનાનું કામ હજુ અધૂરું : મોદીએ અધિકારીઓનો ઉધડો લીધો

નવીદિલ્હી,

પીએમ મોદીએ પ્રગતિ રિવ્યૂ બેઠકનું નેતૃત્વ કર્યું હતું. તેમાં દેશમાં ચાલી રહેલા ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ વિશે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. આ દરમિયાન તેમના ધ્યાને એક એવો પ્રોજેક્ટ આવ્યો જેને મંજૂરી ૨૦૦૭માં મળી ગઈ હતી અને ૨૦૧૨માં આ પ્રોજેક્ટ પૂરો પણ થઈ જવો જોઈતો હતો છતાં અત્યાર સુધી આ પ્રોજેક્ટ અટવાયેલો રહેતા પીએમ મોદી અકળાયા હતા. તેમણે અધિકારીઓનો ઉધડો લઈ નાખ્યો. આ પ્રોજેક્ટને મંજૂરી મળવાથી લઈને અત્યાર સુધીમાં લગભગ ૧૫થી ૧૬ વર્ષનો વિલંબ થઈ ચૂક્યો છે. જેના લીધે તેની પાછળ થનારો ખર્ચ પણ હવે બમણાથી વધુ થઈ ગયો છે જેને લઈને પીએમ મોદી ગુસ્સે થયા હતા. તેમણે આ અંગે ચિંતા વ્યક્ત કરતાં અધિકારીઓને સલાહ પણ આપી હતી. આ પ્રોજેક્ટ હેઠળ ૮૯૧ કિલોમીટરની ગેસ પાઈપલાઈન પાથરવાની હતી. જેનો ફાયદો લગભગ ૩ રાજ્યોને થવાનો હતો.

પ્રગતિ સમીક્ષા બેઠકમાં લાંબા સમયથી બે પેન્ડિંગ યોજનાઓનો ઉલ્લેખ કરાયો હતો. જેમાં એક યોજના છે કોચ્ચિ-કુટ્ટનાડ-બેંગ્લુરુ-મેંગ્લુરુ પાઈપલાઈન ફેસ-૨ પ્રોજેક્ટ જે કોચ્ચિ એલએનજી ટર્મિનલથી લિક્વિડ નેચરલ ગેસને ટ્રાન્સફર કરશે. તેનાથી કેરળ, તમિલનાડુ, કર્ણાટક જેવા રાજ્યોમાં ગ્રાહકોને સરળતાથી એલએનજી ઉપલબ્ધ થશે. આ મહત્ત્વપૂર્ણ યોજના આ ત્રણેય દક્ષિણના રાજ્યોને GAILની નેશનલ ગેસ ગ્રીડ સાથે જોડશે.

આ પ્રોજેક્ટને ૨૦૦૭માં મંજૂરી અપાઈ હતી અને ૨૦૧૨માં તેના પર કામ પૂરું કરી લેવાનું લક્ષ્ય હતું પણ હવે તેને ૨૦૨૫ સુધીમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. ગત વર્ષે આ પ્રોજેક્ટ પૂરો કરવાનું લક્ષ્ય સપ્ટેમ્બર ૨૦૨૨ રખાયું હતું પણ પીએમ મોદીને જાણ કરાઈ કે હવે આ પ્રોજેક્ટ ફેબ્રુઆરી ૨૦૨૫માં પૂરો થશે. આ પ્રોજેક્ટ પાછળ ૨૯૧૮ કરોડ રુ.ના ખર્ચનું લક્ષ્ય રખાયું હતું જે હવે વધીને ૫૯૦૯ કરોડ રૂપિયા થઈ ગયું છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કૃષ્ણદીપ યુવક મંડળ

તરફથી અભીનંદન....

મુ. રાઠવાના મુવાડા, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

મહાલક્ષ્મી સખી મંડળ

તરફથી અભીનંદન....

મુ. ઘુમણી (ફુધીયા), તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

હરીઓમ સ્વ.સહાય જુથ

તરફથી અભીનંદન....

મુ. ફુધીયા, તા. લીમખેડા, જી. દાહોદ

## મની લોન્ડરિંગ કેસમાં ઈડીની કાર્યવાહી, બેંગાલુરુની સહકારી બેંકના રૂ.૧૦૦૦ કરોડના કૌભાંડમાં ૧ની ધરપકડ

નવીદિલ્હી,

૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પબ્લિક ફંડની છેતરપિંડી આચરવા બદલ બેંગાલુરુ સ્થિતિ સહકારી બેંક વિરુદ્ધની મની લોન્ડરિંગની તપાસના સંબધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ એક વ્યકિતની ધરપકડ કરી છે.શ્રી ગુરુ રાઘવેન્દ્ર સહકારી બેંક નિયામિથાના કેસમાં રાજેશ વી આરની ધરપકડ કરવામાં આવી છે. ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે બેંકમાંથી પબ્લિક ફંડની ઉચાપત કરવામાં આ વ્યકિતની મોટી ભૂમિકા હતી.

ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ફેબ્રુઆરીમાં એજન્સીએ સહકારી બેંકના પ્રમુખ કે રામકૃષ્ણાની ધરપકડ કરી હતી. રાજેશ વી આરની ભૂમિકા અંગે ઈડીએ જણાવ્યું હતું કે આરબીઆઈના ઈન્સ્પેક્શન રિપોર્ટ અનુસાર તેણે બેંકમાંથી ૪૦.૪૦ કરોડ રૂપિયાની લોન લીધી હતી અને તેને ભરી ન હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, રાજેશ વી આર વિરુદ્ધ કેટલીક અન્ય એફઆઈઆર અગાઉ નોંધાયેલી હતી. રાજેશ અને તેમના પત્નીએ અન્ય સહકારી બેંકો/સોસાયટીઓમાં પણ છેતરપિંડી આચરી હતી. ઈડીએ ફેબ્રુઆરી, ૨૦૨૦માં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની ક્રિમિનલ જોગવાઈઓ હેઠળ કેસ દાખલ કર્યો હતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# કડાણા તાલુકાના ઝાલાસર ગામે જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતિમાં કૃષિ મેળો યોજાયો

મહિસાગર,

મહિસાગર જીલ્લાનાં કડાણા તાલુકાના ઝાલાસર ગામે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક સૌંદર્યની ગોદમાં કૃષિ મેળાનુ આયોજન થયેલ હતું. કાર્યક્રમમાં સમગ્ર મેળા દરમિયાન પ્રાકૃતિક ખેતી અંગે સ-વિશેષ ચર્ચા કરવામાં આવી હતી, તેમજ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂત રામાભાઈ બારીયા દ્વારા પણ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કેમ કરવી, આપણા માટે કેટલી ફાયદાકારક છે અને આવકમાં પણ કેટલી ઉપયોગી છે, એ અંગે સવિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે ખેડુતોને આવકારીને ખેડુતો પ્રાકૃતિક ખેતી કરે અને આપના દેશના વડાપ્રધાનનું સપનું સાકર કરીને દેશની આવક તેમજ આરોગ્યમાં વધારો કરે એ માટે



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયત દીઠ ૭૫ થી વધારે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે અને ડોક્ટર તેમજ રોગોને પોતાનાથી દૂર રાખે તે માટે આહવાન કર્યું હતું. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે કંઈ પણ મદદ અથવા કઈ માર્ગદર્શન તેમજ કોઈ મુશ્કેલીમાં કોઈ જરૂર હોય તે માટે તેમને જરૂરીયાત પુરી પાડવા માટે કટીબધ્ધ છીએ પ્રાકૃતિક ખેતી કરીને ખેડૂતો પોતાની આવક વધારી શકે પોતાને રોગો અને હોસ્પિટલથી દૂર રાખી શકે અને સમાજમાં તંદુરસ્તી નો દાખલો બેસાડી શકે એ અંગે માહિતગાર કર્યા હતા.

જિલ્લા ખેતીવાડી અધિકારી એ પણ પ્રાકૃતિક ખેતી વિશે આજના યુગમાં પ્રાકૃતિક ખેતી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી, આવક વધારવા માટે ઝીરો બજેટ ની ખેતી એ ખેડૂત માટે ઉપયોગી બનશે. એ અંગે ખેડુતોને હલકા ધાન્ય વિશે માહિતગાર કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રાકૃત ખેતી વિશે ભાર મુકવામાં આવ્યો હતો. તમામ વકતાઓએ પ્રાકૃતિક ખેતીનો પાયાનો ઉદ્દેશ શું છે અને ખેતી કેમ કરવી એ માટે માર્ગદર્શન આપ્યું હતું અને કાર્યક્રમના અંતમાં ખેતીવાડી ખાતાના સ્ટોલ આઈ સીડીએસ નું સ્ટોલ, મકાઈ સંશોધનમાં સ્ટોલ વગેરેની મંચસ્થ મહાનુભાવો અને ખેડૂતોએ મુલાકાત કરી હતી.

આ પ્રસંગે પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માના અધિકારી, મકાઈ સંશોધન કેન્દ્રના અધિકારી, ખેતીવાડી અને આત્માના કર્મચારીએ, ખેતી કરતા ખેડૂતો તેમજ પ્રાકૃતિક ખેતી સાથે સંકળયેલ જિલ્લા અને તાલુકાના સંયોજકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# દિવ્યાંગ લગ્ન સહાય યોજના થકી કાંતિભાઈ પગીના પરિવારને જાણે પગ મળ્યા

મહીસાગર,

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના વખતપુર ગામના દિવ્યાંગ પગી કાંતિભાઈના પિતા પગી બાબુભાઇ સાથે વાત કરતા તેઓ જણાવે છે કે, તેઓનો પરિવારમાં તેઓ સાત સભ્ય રહે છે અને તેઓ છુટક મજૂરી કરી પોતાના પરીવારનું ગુજરાન ચલાવે છે.જ્યારે વાત લગ્નની આવે ત્યારે તેઓને ઘર ચલાવું પણ મુશ્કેલ બનતું હોઈ એવામાં તેમના દીકરાના લગ્ન કરવાનું તેઓ માટે વિચારવું પણ મુશ્કેલ હતું. એવામાં સરકાર દ્વારા દિવ્યાંગ લગ્ન સહાય મળતા તેઓનું ભારણ ઓછું થયું અને આ સહાય થકી તેમના દીકરા પગી કાંતિભાઈ કે જેઓ માનસિક બિમારી ધરાવે છે. તેઓ સમાજમાં સન્માન પૂર્વક લગ્ન કરી પોતાનું જીવન જીવી રહ્યા છે. આમ, સરકારની આ યોજના થકી તેઓની જિંદગીમાં ખુશહાલી આવી જેથી તેઓ ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભાર માની રહ્યા છે.



દિવ્યાંગ હિતાર્થે બનાવેલ યોજનાઓમાં યોજના દિવ્યાંગ લગ્ન સહાય યોજના દિવ્યાંગોને સમાજમાં ગૌરવ સાથે જીવન જીવે શકે તે હેતુથી અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજનાનો લાભ જે છોકરીની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોય તેમને, ફક્ત એક વાર (દંપતી દીઠ) મળશે. યોજના માટે અરજી લગ્ન થયાના બે વર્ષ સુધી કરી શકાશે.લગ્ન કરેલ દિવ્યાંગ વ્યકિતઓ બંને જુદા જુદા જિલ્લામાં રહેતા હોય તેવા કિસ્સામાં દંપતીએ લગ્ન પછી દિવ્યાંગ દંપતીના કાયમી રહેવાસી જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજનાના લાભ માટે અરજી કરવાની રહેશે. અરજીને મંજૂરી આપતા જિલ્લાના જિલ્લા સામાજિક સુરક્ષા અધિકારીએ અન્ય જિલ્લાના જિલ્લા સામાજિક સુરક્ષા અધિકારીને જાણ કરવાની રહેશે કે અરજીને મંજૂરી મળી ગઈ છે. જો દિવ્યાંગ અરજદાર અન્ય રાજયની દિવ્યાંગ મહિલા સાથે લગ્ન કરે છે, તો દિવ્યાંગ પતિ-પત્ની બંને નિર્ધારિત પુરાવા રજૂ કરીને આ યોજનાનો લાભ મેળવવા માટે હકદાર બનશે. જો વિકલાંગ અરજદારે કોઈ અન્ય રાજયની દિવ્યાંગ મહિલા સાથે લગ્ન કરે છે, તો જિલ્લા સામાજિક સુરક્ષા અધિકારીએ અરજદાર મહિલા પાસેથી બાંહેધરી લેવી પડશે કે સ્ત્રી લાભકર્તાને તેના રાજયથી દિવ્યાંગ લગ્ન સહાય યોજના પ્રાપ્ત થઈ નથી, દિવ્યાંગ લગ્ન સહાય યોજના નો લાભ ૨૧ પ્રકારના દિવ્યાંગ વ્યકિતઓને આપવામાં આવે છે.

દિવ્યાંગ યોજના અંતર્ગત, જ્યારે દિવ્યાંગ વ્યક્તિથી દિવ્યાંગ વ્યક્તિ એકબીજા સાથે લગ્ન કરે છે, ત્યારે દંપતીના બંને શખ્સોને રૂ.૫૦,૦૦૦- રૂ.૫૦,૦૦૦ લેખે કુલ રૂ. ૧૦૦,૦૦૦/- સહાય માટે જયારે દિવ્યાંગ વ્યક્તિના સામાન્ય વ્યકિત સાથે લગ્ન કરવાના કિસ્સામાં રૂ. ૫૦,૦૦૦ આપવામાં આવે છે.

દિવ્યાંગ યોજના (divyang yojana) અંતર્ગત esamajkalyan. gujarat. gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવી છે. જિલ્લા સામાજિક સુરક્ષા અધિકારી પાસે ઓનલાઇન અરજીઓ ચકાસવાની અને સહાયને મંજૂરી આપવાની સત્તા છે.

# લુણાવાડા ખાતે ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઇન હરાજી શરૂ કરવામાં આવશે

મહિસાગર,

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, લુણાવાડા મહિસાગરની અખબારી યાદીમાં જણાવ્યાનુસાર મહિસાગર જિલ્લાની જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આગામી નવા રજીસ્ટર થતા ટુ વ્હિલર(મોટર સાઇકલ) સીરીઝ GJ35-K, Gj35-L અને GJ35-M તથા ફોર વ્હિલર GJ35-h અને GJ35-N વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઇન હરાજી શરૂ કરવામાં આવનાર છે. જેથી ઓનલાઇન હરાજીનો મહત્તમ લાભ લેવા જણાવવામાં આવે છે.

ઇ-ઓકશન પ્રક્રિયા ઓનલાઇન અરજી કરવાની તારીખ ૦૪/૦૩/૨૦૨૩ થી ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ૦૬/૦૩/૨૦૨૩ સાજે ૦૪:૦૦ કલાક સુધી રહેશે.ઇ-ઓકશન શરૂ તારીખ ૦૬/૦૩/૨૦૨૩, થી અને ઇ-ઓકશન સમાપ્ત તારીખ ૦૮/૦૩/૨૦૨૩ સાંજે ૦૪:૦૦ કલાક સુધી રહેશે.

પસંદગીનો નંબર મેળવવા ઇચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે Https://vahan.parivehan.gov.in/fancy પર નોંધણી યુઝર આઇ.ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.આઇ.ટી/પસંદગી નંબર/Online auction/7421 તા.૧૨/૧૦/૨૦૧૭ Appendix-A(આ સાથે સામેલ છે)ની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે અરજદારએ હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ અમાઉન્ટના નાણા જમા કરાવવના રહેશે. અરજદાર જો આ નિયત મર્યાદામ નાણા ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે જેમાં અરજદાર કોઇ વાંધો લઇ શકશે નહીં. અસફળ અરજદારએ રીફંડ માટે જે તે અરજદારના ખાતામાં SBI e-pay દ્વારા અત્રેની કચેરી દ્વારા પરત કરવામાં આવશે.

# સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં સરકારી કર્મચારીઓના ફાળવેલ કવાટર્સ જર્જરિત

સંતરામપુર,

સંતરામપુર પ્રતાપપુરા વિસ્તારમાં સરકારી કર્મચારીઓને રહેવા માટે ૩૦ જેટલા કવાર્ટસ બાંધવામાં આવેલા હતા પરંતુ કર્મચારીઓ નિવૃત્ત થયા પછી અન્ય સરકારી કર્મચારીઓને ફાળવણી કરવામાં આવેલી ન હતી. અને ધીરે ધીરે તમામ ક્વાર્ટ્સ જર્જરિત હાલતમાં અને ખંડેર અવસ્થામાં જોવા મળી રહ્યા છે. સરકારી આટલી મોટી મિલ્કત હોવા છતાં સુધી તેનો દેખરેખ રાખવામાં આવેલુ જ નથી અને આના કારણે આ બંધ કવાર્ટસનો ગેરઉપયોગ થઈ રહ્યો છે. ક્વાર્ટસમાં અસામાજિક તત્વો તેનો અડ્ડો બનાવી મુકેલો છે. જયારે કેટલાક લોકો ક્વાર્ટર્સ બંધ હોવાના કારણે કચરો પણ નાંખવા આવતા હોય છે. સૌથી મોટી વાત એ છે કે, કોઈ રહેતુ નથી તેમ છતાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વીજ જોડાણ પણ હટાવવામાં આવેલા નથી. જેને કારણે નિવૃત્ત કર્મચારીઓના નામના લાઈટ બિલ પણ જોવા મળી આવેલા હતા. તંત્ર દ્વારા અગાઉ જર્જરિત હાલતમાં છે તેથી કોઈએ પ્રવેશ કરો નહિ તેઓ માત્ર બોર્ડ લગાવ્યુ હતુ. પરંતુ ખંડેર ગવર્મેન્ટ ક્વાટર્સ ડિસ્પેન્ટલ જાહેર કરી અને તેને પાડી દઈ ખુલ્લુ મેદાન કરવામાં આવે તો અસામાજિક તત્વોની ગેર પ્રવૃત્તિઓ અટકી શકે તેમ છે.

# કોંગ્રેસે પૂર્વોતર રાજ્યોનો એટીએમ તરીકે ઉપયોગ કર્યો, અમે તેમને 'અષ્ટલક્ષ્મી' માનીએ છીએ: વડાપ્રધાન નરેન્દ્ર મોદી

દીમાપુર,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દાવો કર્યો હતો કે કોંગ્રેસે પૂર્વોત્તરનો એટીએમ તરીકે ઉપયોગ કર્યો હતો જ્યારે ભારતીય જનતા પાર્ટી પ્રદેશના આઠ રાજ્યોને 'અષ્ટલક્ષ્મી' માને છે અને અહીં શાંતિ અને વિકાસ માટે કામ કરી રહી છે. દીમાપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા, તેમણે કહ્યું કે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ રાજ્યમાંથી સશસ્ત્ર દળો (સ્પેશિયલ પાવર્સ) એક્ટ, ૧૯૫૮ને સંપૂર્ણપણે રદ કરીને નાગાલેન્ડમાં કાયમી શાંતિ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

તેમણે કહ્યું, "દેશ પોતાના લોકો પર અવિશ્વાસ કરીને નથી ચાલતો, પરંતુ પોતાના લોકોનું સન્માન કરીને અને તેમની સમસ્યાઓ ઉકેલવાથી ચાલે છે. પહેલા પૂર્વોત્તરમાં વિભાજનની રાજનીતિ હતી, હવે અમે તેને દૈવી શાસનમાં ફેરવી દીધું છે. ભાજપ ધર્મ અને પ્રદેશના આધારે લોકો સાથે ભેદભાવ કરતી નથી.



કોંગ્રેસના શાસન દરમિયાન નાગાલેન્ડમાં રાજકીય અસ્થિરતાનો ઉલ્લેખ કરતા, તેમણે દાવો કર્યો કે દેશની સૌથી જૂની પાર્ટીએ દિલ્હીથી રિમોટ કંટ્રોલ દ્વારા પૂર્વોત્તરને નિયંત્રિત કર્યું અને તેના વિકાસ માટે ફાળવવામાં આવેલા ભંડોળને ડાયવર્ટ કરીને દિલ્હીથી દીમાપુર સુધી વંશવાદી રાજકારણને પ્રાથમિકતા આપી.

વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ નાગાલેન્ડને ચલાવવા માટે ત્રણ મંત્ર અપનાવ્યા છે – શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ. તેમણે કહ્યું કે ભાજપે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ભ્રષ્ટાચારમાં મોટો ફટકો માર્યો છે, જેના પરિણામે દિલ્હીથી મોકલવામાં આવેલા પૈસા સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેઘાલયના શિલોગમાં કહ્યું હતું કે કેટલાક લોકો, જેમને દેશે નકારી કાઢ્યા છે, જેઓ નિરાશાના ખાડામાં ડૂબી ગયા છે... આજકાલ તેઓ માળાનું રટણ કરે છે અને કહે છે કે મોદી, તમારી કબર ખોદાશે, પરંતુ દેશ કહી રહ્યો છે, દેશનો દરેક ખૂણો કહી રહ્યો છે- મોદીજી, તમારું કમળ ખીલશે.મોદીએ કહ્યું- આજે જે રીતે અદ્ભુત અને શાનદાર રોડ શો થયો છે... તમારો આ પ્રેમ, તમારા આ આશીર્વાદ... હું તમારું આ ઋણ ચોક્કસપણે ચૂકવીશ. તમારો પ્રેમ અને આશીર્વાદનું ઋણ હું મેઘાલયનો વિકાસ કરીને, તમારા કલ્યાણનાં કાર્યોને ઝડપી બનાવીને ચૂકવીશ. તમારા આ પ્રેમને હું વ્યર્થ નહિ જવા દઉં.

તેમણે જણાવ્યું હતું કે જ્યારે હું મેઘાલય વિશે વિચારું છું ત્યારે હું પ્રતિભાશાળી લોકો, જીવંત પરંપરાઓ, અદ્ભુત કુદરતી સૌંદર્ય વિશે વિચારું છું. મેઘાલયનું સંગીત જીવંત છે. ફૂટબોલ માટે જુસ્સો છે. મેઘાલયના દરેક ખૂણામાં સર્જનાત્મકતા છે.

તેમણે આગળ કહ્યું- મેઘાલયમાં દરેક જગ્યાએ ભાજપ દેખાય છે. પહાડી વિસ્તાર હોય કે મેદાની વિસ્તાર હોય... ગામ હોય કે શહેર, દરેક જગ્યાએ કમળ ખીલેલું જોવા મળી રહ્યું છે. મેઘાલય આજે ફેમિલી ફર્સ્ટને બદલે પીપલ ફર્સ્ટવાળી સરકાર ઈચ્છે છે, તેથી આજે 'કમળનું ફૂલ' મેઘાલયની મજબૂતી, શાંતિ અને સ્થિરતાનો વિકલ્પો બની ગયું છે.

વડા પ્રધાને ૨૭ ફેબ્રુઆરીના નાગાલેન્ડ વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે ચુમૌકેદિમા જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. પીએમ મોદીએ બીજેપી-એનડીપીપીની રેલીમાં હાજરી આપી હતી, જે માત્ર બે જ પક્ષો છે જેણે ચૂંટણી પૂર્વે જોડાણ કર્યું છે.

પીએમ મોદીએ કહ્યું, "દિલ્હીમાં કોંગ્રેસના નેતાઓએ ક્યારેય નાગાલેન્ડ તરફ જોયું નથી, અને રાજ્યમાં સ્થિરતા અને સમૃદ્ધિને ક્યારેય મહત્વ આપ્યું નથી. કોંગ્રેસ હંમેશા દિલ્હીથી રિમોટ કંટ્રોલ પર નાગાલેન્ડની સરકાર ચલાવે છે. દિલ્હીથી દીમાપુર સુધી, કોંગ્રેસ પારિવારિક રાજકારણમાં સંડોવાયેલી છે," એમ મોદીએ કહ્યું.મેઘાલય અને નાગાલેન્ડની ૬૦ વિધાનસભા બેઠક માટે ૨૭ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે. ત્રિપુરા સહિત ત્રણ પૂર્વોત્તર રાજ્યોનાં પરિણામ ૨ માર્ચે આવશે તાજેતરમાં મેઘાલય સરકારે તુરામાં સુરક્ષાને લઈને વડાપ્રધાન મોદીની રેલીને મંજૂરી આપવાની ના કહી હતી. આ રેલી પીએ સંગમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાવાની હતી. પશ્ચિમ ગારો હિલ્સ જિલ્લામાં યોજાનારી રેલી માટે મંજૂરી ન મળતાં ભાજપે મેઘાલય સરકાર પર નિશાન સાધ્યું હતું.મેઘાલયમાં ભાજપે તમામ ૬૦ વિધાનસભા બેઠક માટે ઉમેદવારો ઊભા રાખ્યા છે. ૨૦૧૮માં પાર્ટીએ ૬૦માંથી ૪૮ બેઠક પર ઉમેદવારો ઊભા રાખ્યા હતા અને એમાંથી માત્ર બે જીત્યા હતા એનપીપીની સાથે ભાજપ સરકારમાં સામેલ હતું. આ વખતે ભાજપ તમામ સીટો પર લડી રહી છે. તેમની વ્યૂહરચના દરેક મતદાર સાથે જોડાવાની છે, કારણ કે મતદારો ઉમેદવારને જાણીને તેની સાથે જોડાવવા માગે છે. અગાઉ ભાજપે ૧૭ ફેબ્રુઆરીએ ત્રિપુરામાં ૫૫ બેઠક પર ચૂંટણી લડી હતી. તેના સહયોગી ઈન્ડિજિનસ પીપલ્સ ફ્રન્ટ ઑફ ત્રિપુરાને પાંચ બેઠક ફાળવી હતી.

## શિવસેના મુદ્દે સુપ્રીમમાં સતત ત્રીજા દિવસે સુનાવણી

# અવિશ્વાસના પ્રસ્તાવનો સામનો કર્યો હોત તો અમે એ પ્રસ્તાવને રદ ઠેરવ્યો હોત : કોર્ટ

રાજ્યમાં સત્તાસંઘર્ષ પ્રકરણે સુપ્રીમ કોર્ટમા સતત ત્રીજા દિવસે સુનાવણી થઈ હતી. આજની સુનાવણી નિર્ણાયક તબકકે પહોંચી છે. ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાન પદેથી રાજીનામું આપીને ભુલ કરી હોવાનું મહત્ત્વનું નિરીક્ષણ મુખ્ય ન્યાયમૂર્તિએ કર્યું હતું અવિશ્વાસના પ્રસ્તાવનો સામનો કર્યો હોત તો અમે એ પ્રસ્તાવને રદ ઠેરવ્યો હોત, એમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ધનંજય ચંદ્રચૂડ, ન્યા. શાહ, ન્યા. મુરારી, ન્યા. કોહલી, ન્યા. નરસિંહા એમ પાંચ જણની બંધારણીય બેન્ચ સમક્ષ સુનાવણી થઈ હતી. આજની સુનાવણીમાં બહુમત પરીક્ષણ, રાજ્યપાલની ભૂમિકા, શિંદે જૂથના વિધાનસભ્યો ગુવાહાટી શા માટે ગયા વિષય પર જોરદાર દલીલો થઈ હતી.

મુખ્ય ન્યાયમૂર્તિએ ઠાકરે જૂથ માટે મહત્ત્વનું નિરીક્ષણ કર્યું હતું કે તમે બહુમતી પરીક્ષણનો સામનો કર્યો હતો અને ૩૯ વિધાનસભ્યોને કારણે તમે હાર્યા પણ હોત તો પણ તેઓ અપાત્ર ઠર્યા બાદ તમે જીતી શક્યા હોત. અમે તમારું બહુમતી પરીક્ષણ રદ કર્યું હોત. તમે તેનો સામનો કર્યો નહીં અને આ ૩૯ વિધાનસભ્યોએ 'તમારી સરકાર વિરુદ્ધ ક્યાંય પણ મતદાન કર્યું નથી. તમે અવિશ્વાસના પ્રસ્તાવનો સામનો કર્યો નહીં હવે અમારે શું કરવું? ઉદ્ધવ ઠાકરેનું રાજીનામુ આ તેમના પક્ષની મોટી મુશ્કેલી છે, એમ મુખ્ય ન્યાયાધીશે નોંધ્યું હતું.

રાજ્યપાલે બંધારણનું અપમાન કર્યું છે જે ઐતિહાસિક અને ખેદજનક બાબત છે, ચૂંટણી પંચે પણ શિવસેનામાં ફૂટનો ઉલ્લેખ તેમના નિર્ણયમાં કર્યો છે. રાજયપાલના અધિકાર વિશે દસમા અનુચ્છેદનો વિચાર થવો જોઈએ. સભાગૃહની ઘટના સાથે રાજયપાલનો સંબંધ નથી હોતો તેમને રાજકીય બાબતો સાથે સંબંધ હોય છે. એકનાથ શિંદેની સત્તા સ્થાપનામાં રાજયપાલની ભૂમિકા શકાસ્પદ હોવાની તેમણે દલીલ કરી હતી. રાજયપાલે અધિકારનો દુરુપયોગ કરીને શિંદેને અપાવેલી શપથવિધિ ખોટી ઠરશે તો શિંદેની સરકાર જશે. સત્તાધારી પક્ષના વિધાનસભ્યો સરકાર કઈ રીતે પાડી શકે? તેઓ અવિશ્વાસ પ્રસ્તાવ કઈ રીતે લાવી શકે?

અપાત્રતાનો મુદ્દો ઉકેલાયા પછી જ રાજયપાલે બહુમતી પુરવાર કરવાનો નિર્ણય લેવો જોઈતો હતો. રાજયપાલે અધિવેશન બોલાવવા બાબતે પ્રધાનમંડળને પૂછીને કરવી જોઈએ. શિંદેના બળવા બાદ ઠાકરે પાસે બહુમતી રહી નહોવાનું મુખ્ય ન્યાયમૂર્તિએ નોંધ્યુંહતું. આના પર સિબ્બલે જણાવ્યું હતું કે રાજયપાલ પોતે ઠાકરેનું બહુમત પરીક્ષણ લેવાનું કહી શકે નહીં. વિપક્ષે માગણી કરવી જોઈતી હતી.

રાજ્યપાલે શિંદેને તમારો પક્ષ કયો છે એ તો પૂછવું જોઈતું હતું. આસામમાં બેસીને ભરત ગોગાવલેની નિયુક્તિ વ્હીપ તરીકે થઈ શકે નહીં. વળી ઠાકરે જૂથના વિધાનસભ્યોને વ્હીપ બજાવે છે, જે નિમણૂક જ ખોટી છે. શિંદેએ ચૂંટણી પંચને દિશાભૂલ કરનારી માહિતી આપી હતી. શિંદેએ ચૂંટણી પંચમાં ૧૯ જુલાઈએ અરજી કરી હતી.જેમાં ૨૭ જુલાઈનીબેઠક બાબતે માહિતી આપવામાં આવી હતી. આગળ શું થવાનું છે એ શિંદેને પહેલેથી જાણ હતી, એવી દલીલ ઠાકરે વતી સિબ્બલે કરી હતી.બપોરે ત્રણ વાગ્યે દલીલો પૂર્ણ થઈ હતી. કોંગ્રેસ નેતા પવન ખેરાની ધરપકડ બાબતના પ્રકરણમાં મુખ્ય ન્યાયમૂર્તિએ તાત્કાલિક બીજી બેન્ચમાં જવાનું હતું. આથી આજે એક કલાક પૂર્વે દલીલો પૂરી થઈ હતી. બાકીની દલીલ આવતા સપ્તાહે થશે.

## આપની આજ.......

મેષ : આજે બાળકો સંબંધિત સમસ્યાઓના સમાધાનમાં દિવસ વિતાવશો. વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધામાં જીતી શકે છે. વાહન અને જમીન ખરીદવાનો સુખી સંયોગ પણ હોઈ શકે છે.

વૃષભ : આજે તમને દરેક કાર્યમાં પરિવારના સભ્યોનો સહયોગ મળશે. દિવસની શરૂઆતમાં સારા સમાચાર મળવાથી ઉત્સાહ વધશે. દૈનિક કાર્યો વહેલા પૂર્ણ થશે. વ્યવસાયમાં પ્રગતિની સંભાવનાઓ બની રહી છે, તમે ધંધામાં નવી યોજના બનાવશો.

મિથુન : આજે પરિસ્થિતિમાં થોડી રાહત મળશે. પરંતુ તમારો સ્વભાવ વિવાદ કરી શકે છે, તેથી ઘરના વડીલો સાથે સાવચેતી રાખો, નહીં તો કડવી વાતો સાંભળી શકાય તેમ છે. કાર્ય વ્યવસાયમાં થોડી મહેનત કર્યા પછી પૈસાની આવક બપોરથી શરૂ થશે, જે આખો દિવસ ચાલુ રહેશે.

કર્ક : આજે કાર્ય-ઉદ્યોગમાં ધન લાભ થશે અને રાજ્યની સહાય પણ મળશે. તમે રચનાત્મક કાર્યમાં આનંદ મેળવશો. તમારે ખર્ચ કરવાનો વિચાર કરવો પડશે નહીં, તેમ છતાં ધ્યાનમાં પણ રાખો કે કોઈ વ્યર્થ ખર્ચ થાય નહીં.

સિંહ : આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં કોઈ નાની ભૂલને કારણે પરિવારના સભ્યો સાથે દલીલ થઈ શકે છે. આ પછી પણ, શાંતિ રહેશે નહીં. આજે લોકો તમારી સાથે માત્ર કામ માટે જ વ્યવહાર કરશે.

કન્યા : આજે પણ પરિસ્થિતિ તમારી તરફેણમાં રહેશે, પરંતુ આજે તમારો સ્વભાવ બદલાશે. આજે પૈસા આવતાની સાથે તે જવા માટેના રસ્તા બનાવશે. અતિશય ભાગદોડ રહેશે.

તુલા : આજે તમને અચાનક નાણાકીય લાભથી આશ્ચર્ય થશે. દિવસના પહેલા ભાગથી શુભ સંકેતો આવવાના શરૂ થશે, પરંતુ સ્પષ્ટતાના અભાવને કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

વૃશ્ચિક : આજે કાર્યસ્થળ પર વિવાદ કરવાનું ટાળો. બપોર સુધી આર્થિક મુશ્કેલીઓ તમને પરેશાન કરશે, ત્યારબાદ અચાનક મળેલા લાભથી થોડી રાહત મળશે. જ્યારે ઘરના સભ્યોની ઈચ્છા પૂર્ણ થાય ત્યારે તમે ખુશ થશો.

ધનુ : આજે સવારથી જ સ્વાસ્થ્ય નરમ રહેશે, કશું કરવાનું મન કરશે નહીં, સ્વભાવમાં ચીડિયાપણું હોવાને કારણે આસપાસના વાતાવરણ તમારા કારણે ખળભળાટ મચી જશે. પરિવારના અસંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઘરનું વાતાવરણ લગભગ ખરાબ રહેશે.

મકર : આજે તમારું માન અને સન્માન વધશે, પરંતુ કોઈના દ્વારા ગેરમાર્ગે દોરવાથી તમે તમારા માટે મુશ્કેલી ઊભી કરી શકો છો, તેથી સાવચેત રહો. સ્વાર્થી લોકો તમારા સંપર્કમાં વધુ રહેશે, તેમની પાસેથી કોઈ અપેક્ષા રાખશો નહીં. સામાજિક કાર્યોમાં ભાગ લેવો પડશે.

કુંભ : આજે ધૈર્ય રાખવાની જરૂર છે. તમારા મોટાભાગનાં કામો બગડવાના કારણે મનમાં નકારાત્મક લાગણીઓ ઊભી થઈ શકે છે. જ્યાંથી તમે લાભની સંભાવનાઓ રાખશો ત્યાંના ખરાબ સમાચારને કારણે મન ઉદાસ થશે.

મીન : આજનો દિવસ તમારા માટે સામાન્ય રહેશે. દિવસનો પહેલો ભાગ એક અથવા બીજા કારણસર અશાંત રહી શકે છે. શરૂઆતમાં વિક્ષેપના કારણે કાર્યસ્થળમાં પરેશાની રહેશે પરંતુ બપોર પછી પરિસ્થિતિ સામાન્ય થઈ જશે. ધારણા મુજબ ધન લાભ થશે.

# દાહોદ એ ડિવિઝન પોલીસે નેત્રંમ કેમેરાના મદદથી હાર્ડવેરની દુકાનમાંથી ત્રણ મોબાઈલ ચોરનાર ગઠિયાને ઝડપી જેલભેગો કર્યો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાહન ચોરી તેમજ ઘરફોડ ચોરીની ઘટનાઓની સાથે સાથે મોબાઈલ ચોરીની ઘટનાઓ પણ સામે આવતા દાહોદ શહેરમાં વધી રહેલી ગુનાખોરી પોલીસ માટે એક માથાનો દુઃખાવો સમાન સાબિત થઈ રહી હતી. તેવા સમયે જિલ્લા પોલીસવડાના માર્ગદર્શનમાં દાહોદ એ ડિવિઝન પોલીસે વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત દાહોદ શહેરમાં લાગેલા નેત્રમ કેમેરાના મદદથી મોબાઈલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા સાંપડી છે. પોલીસે બાતમીના આધારે ઈન્દોર–અમદાવાદ નેશનલ હાઈવે પર ખાનગી બસ માંથી ચોરીના ત્રણ મોબાઈલ સાથે એક ઈસમને ઝડપી જેલ ભેગો કર્યો છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા કબ્રસ્તાન રોડ હયાતની વાડી, હુસેન સ્કૂલની પાછળના રહેવાસી યાસીન ઉર્ફે ઝૂડવા યાકુબ મીઠાબાઈ ચોરીની પ્રવૃત્તિમાં સંકળાયેલો હોઈ ગતરોજ દાહોદ શહેરના ગોધરારોડ ખાતે આવેલી નૂર હાર્ડવેર નામક દુકાનમાં આવ્યો હતો અને ત્યાંથી દુકાનદારની નજર ચૂકવી ત્રણ મોબાઈલની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ દુકાનદાર દ્વારા આ મામલે એ ડીવીઝન પોલીસ મથકના પી.આઈ. લાઠીયા તેમજ સ્ટાફના માણસો સાથે રાખી દાહોદ શહેરમાં લાગેલા વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત નેત્રમ કેમેરાના મદદ થી ઉપરોક્ત ઈસમને ઓળખી ટેકનિકલ સોર્સની મદદથી ઈન્દોર–અમદાવાદ નેશનલ હાઈવે પર હોટલ સતી તોરલ વોચમાં ઉભા રહી ગયા હતા અને તે સમયે દાહોદ થી ગોધરા તરફ જતી ખાનગી બસને રોકાવી બસના અંદરથી મોબાઈલ ચોરી કરનાર ગોધરાના ઉપરોક્ત ઈસમને ચોરીના ત્રણ મોબાઈલ સાથે રંગે હાથ ઝડપી જેલ ભેગો કર્યો હતો.

# દાહોદ SPને મળવા PAની ઓફિસમાં મહિલાએ ફરજ પરની મહિલા કર્મીને ગાળો આપી મારમારી ઈજાઓ કરતાં ફરિયાદ

દાહોદ,

એસ.પી.ને મળવાના બહાને દાહોદ એસપી કચેરી ખાતેની પી.એ. ઓફીસમાં આવેલ મહિલાએ ફરજ પરની મહિલા કોન્સટેબલને ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ઓફીસમાં જોરજોરથી બુમો પાડી સરકારી કામમાં અવરોધ ઉભો કરી દિવાલે લગાડેલ ઘડિયાળ તથા બાવકા મંદીરનો ફોટો કાઢી મારવા જતાં તે તુટી જતાં તેના તુટેલા કાચમો ટુકડો મહિલા કોન્સ્ટેબલના હાથ પર દશેક વખત મારી હાથ લોહીલુહાણ કરી, છાતી તથા પેટના ભાગે મુક્કા મારી ઈજાઓ પહોંચાડી ઓફીસની ફાઈલો તથા કાગળો વેરવીખેર કર્યાનું જાણવા મળ્યું છે.

મહિલા પોલીસ કોન્સ્ટેબલ વૈશાલીબેન અશ્વિનભાઈ બારીયા ગત તા.૨૩–૨–૨૦૨૩ના રોજ સવારના સાડા દશ વાગ્યાના સુમારે દાહોદ જિલ્લા પોલીસવડાની કચેરીએ પી.એ.ની. ઓફીસમાં પોતાની ફરજ પર હાજર હતા. તે વખતે રાજકોટની તૃપ્તીબેન દેવમુરારી વૈશાલીબેનની ઓફીસમાં આવી હતી અને મારે એસ.પી.ને મળવું છે. તું કેમ મળવા દેતી નથી અને બધી જગ્યાએ પી.એ. માં પુરૂષ હોય છે અને તું કેમ અહીંયા બેસે છે, તેમ કહી બિભત્સ ગાળો બોલી વૈશાલીબેનને જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી ઓફીસમાં જોરજોરથી બુમો પાડતી હોવાથી વૈશાલીબેને તેને શાંતિથી બેસવા માટે જણાવ્યું હતું પરંતુ તે માની ન હતી અને પોલીસ કોન્સ્ટેબલ વૈશાલીબેનની કાયદેસરની સરકારી ફરજમાં અવરોધ ઉભો કરી દિવાલેથી દિવાસ ઘડિયાળ તથા બાવકા મંદીરનો ફોટો કાઢીને વૈશાલીબેનને મારવા જતાં વૈશાલીબેને સાઈડમાં ખસી જતાં ઘડિયાળ અને ફોટો જમીન પર પડતાં ફુટી જતાં રૂપિયા ૮૦૦નું નુકશાન થવા પામ્યું હતું તથા ઓફીસમાં ફાઈલો તથા કાગળો વેરવીખેર કરી નાંખી નીચે પડેલ કાચનો ટુકડો લઈ વૈશાલીબેનને મારવા જતાં વૈશાલીએ સ્વબચાવ માટે હાથ ઉંચો કરતા તેને જમણા હાથના કાંડા થી પંજા સુધી દશેક વખત મારી દઈ હાથ લોહીલુહાણ કરી ઈજા પહોંચાડી તથા છાતી તથા પેટના ભાગે મુક્કા મારી ઈજાઓ પહોંચાડી ઓફીસમાં ભારે તોફાન મચાવી તમાશો કર્યો હતો.

આ સંબંધે ઈજાગ્રસ્ત વૈશાલીબેને દાહોદ ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે રાજકોટની તૃપ્તીબેન દેવમુરારી વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૨૪, ૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) તથા પબ્લીક પ્રોપટી ડેમેજ એકટ કલમ ૩ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ૪૦ વિદેશી સહજયોગી કલાકારો દ્વારા ભવ્ય ભારતીય સંસ્કૃતિ કાર્યક્રમ યોજાયો



દાહોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નગર ખાતે માતાજી નિર્મલા દેવી ટ્રસ્ટ સહજીયોગ દ્વારા આયોજિત યોગધારા કાર્યક્રમ ગુરૂવાર સાંજે બી.પી.અગ્રવાલ હાઈસ્કુલ લીમડી ખાતે આવેલા ૪૦ વિદેશી કલાકારો દ્વારા યોગનો પ્રકાશ બતાવવાનો ઉદ્દેશ સાથે ભવ્ય ભજન સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિદેશી કલાકારો દ્વારા ભારતીય સંસ્કૃતિ કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમના ભાગરૂપે મુખ્ય મહેમાન તરીકે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, દાહોદ નગર પાલિકા પ્રમુખના રીનાબેન પંચાલ, શ્રદ્ધાબેન, નરેન્દ્રભાઈ સોની, લલીતભાઈ ભુરીયા તથા અગ્રણીઓએ ઉપસ્થિતિ આપી હતી. ૪૦ વિદેશી કલાકારો દ્વારા ભારતીય શાસ્ત્રીય સંગીત વાદ્ય સંગીત તથા શાસ્ત્રીય નૃત્ય દ્વારા યોગ અને દયાન સાથે સાક્ષતકારનો અનુભવ કરાવ્યો હતો અને લીમડી લીટર માસ્ટર ઈંગ્લીશ મીડીયમ સ્કુલના બાળકો દ્વારા સ્વાગતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ વિદેશી સાધકો ભારત પ્રવાસ દરમિયાન ૨૨ માર્ચ સુધી દેશના વિવિધ ૧૩ રાજ્યોમાં યોગધારા કાર્યક્રમના માધ્યમથી યોગ પ્રચાર કરશે. આ સાધકો ઈટલી, જર્મની, કેનેડા, રોમાનિયા, હંગેરી, તાઈવાન, ઓસ્ટ્રિયા, યુકે, લંડન, ફ્રાંસ, આયર્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, નેધરલેન્ડ, દક્ષિણ આફ્રિકા વગેરે માંથી ભારત પહોંચ્યા હતા. લીમડી ખાતે યોગધારા કાર્યક્રમમાં પુષ્કળ પ્રમાણમાં લોકોનો સાથ અને સહયોગ મળ્યો હતો. આ કાર્યક્રમ સફળ બનાવવા સહજયોગ પરિવાર લીમડી દ્વારા તમામ મહેમાનોને આભાર વ્યક્ત કર્યો હતો.

# “સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩” અંતર્ગત દાહોદના તમામ તાલુકાઓમાં સ્વચ્છતા અભિયાન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના ફેઝ–૨ તેમજ “સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩” અંતર્ગત દાહોદ જીલ્લાના તમામ તાલુકાઓમાં આઈઈસી પ્રચાર પ્રસાર થકી વધુમાં વધુ લોકોને જાગૃત કરી શકાય એ માટે ભવાઈ તથા નાટકની કામગીરી કરવામાં આવી રહી છે. જેના થકી લોકો યોજના વિશેની માહિતી અસરકારક અને રસપ્રદ રીતે મેળવી રહ્યાં છે. ગામમાં વ્યક્તિગત શૌચાલય, સામુહિક શૌચાલય સિવાય અન્ય કઈ કામગીરી કરાવી શકાય અને તેનો લાભ કેવી રીતે મળી શકે તે માટે ઘન તથા પ્રવાહી કચરાનો યોગ્ય નિકાલ કરવા ઘરે ઘરે વ્યક્તિગત શોક પીટ, કમ્પોસ્ટ પીટ તથા સામુહિક શોક પીટ, સામુહિક કમ્પોસ્ટ પીટ બનાવવામાં આવ્યા છે. જેમાં સુકા કચરા અને ભીના કચરાનો યોગ્ય નિકાલ કરી શકાય જે માટેની સમજણ લોકોને પૂરી પાડવામાં આવી રહી છે.

તેમજ દરેક ગામોમાં ઘન અને પ્રવાહી કચરાનો નિકાલ ૧૦૦% કરાવડાવી ગામને ODF PLUS ખઘઉઊક બનાવવા માટે ગામના લોકોને સમજણ આપવામાં આવી. તેમજ અન્ય યોજનાકીય કામગીરી જેવી કે ગોબરધન પ્રોજેકટ પણ હાલ લીમખેડા તાલુકામાં કાર્યરત છે. જેમાં ૨૦૦ જેટલા લાભાર્થીઓને યોજના થકી આ લાભ મળ્યો છે. અન્ય તાલુકામાં ભવાઈ અને નાટક દ્વારા લોકો સુધી આ યોજનાઓની માહિતી પહોચાડવામાં આવી રહી છે. જે ભવાઈ ગામડી ભાષામાં કરવામાં આવતી હોય લોકો સુધી યોજનાનો સંદેશ ઝડપથી અને સરળતાથી પહોચાડી શકાય છે.

# ડુંગરી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

તા.૨૪/૦૨/૨૦૨૩ ના રોજ ડુંગરી પ્રાથમિક શાળા તા. ઝાલોદ, જીલ્લો. દાહોદના વિદ્યાર્થીઓએ સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી. જે અંતર્ગત ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. ડો. વિવેક દરજી દ્વારા વિવિધ દવાઓની સમજ અને દવાખાનાની સુવિધાઓની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. તેમજ દવાખાનાના તમામ કર્મચારીઓએ વિદ્યાર્થીઓને મદદરૂપ થાય તેવું માર્ગદર્શન આપવામાં આવેલ. આ મુલાકાતમાં શાળાના આચાર્ય ભારતીબેન એસ.પરમાર તેમજ શાળાના શિક્ષકો માંથી ચેતનાબેન ડામોર, રેખાબેન બારીયા, અર્ચનાબેન પટેલ જોડાયા હતા.

# દાહોદ પ્રાંત કચેરી ખાતે દાહોદ તાલુકા સહકારી સંઘની ચૂંટણી યોજાઈ



દાહોદ,

તા.૨૪/ ૦૨/ ૨૦૨૩ ને શુક્રવારે દાહોદ પ્રાંત કચેરી ખાતે દાહોદ તાલુકા સહકારી સંઘની ચૂંટણી યોજાઈ. જેમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાન નગરસિંહ કસના ભાઈ પલાસ ચેરમેન તથા વાઈસ ચેરમેન પ્રવિણસિંહ ઉદેસિંહ નાયક બિનહરીફ ચૂંટાયા હતા. સંઘના સભ્યો ઝીથરાભાઈ ડામોર, જીતેન્દ્રસિંહ નાયક, રૂમાલભાઈ પરમાર, મનુભાઈ માવી તથા વિજય ભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

# સરકારની યોજનાનો લાભ લઈ ધાનપુરના સુમિત્રાબેન પરિવારને મદદરૂપ બન્યા



દાહોદ,

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત જે વિસ્તારોમાં માઈન્સ અંતર્ગત કામગીરી થઈ રહી છે. એ વિસ્તારના લોકોના કલ્યાણ માટે નાગરિકોને આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ મળતા દાહોદ જિલ્લાના ધાનપુરના સિંગાવલી ગામના સુમિત્રાબેન વિજયસિંહ પરમાર સ્વનિર્ભર બન્યા છે. સિંગાવલી ગામના સુમિત્રાબેન બીએ સુધી અભ્યાસ કર્યો છે. તેમના પતિ વિજયસિંહ ખેતી કામ કરી ઘરનું ગુજરાત ચલાવે છે. તેમના ઉપર તેમના બે છોકરા તેમજ માવતરની પણ જવાબદારી છે.

આ સંજોગોમાં સુમિત્રાબેન પણ ઘર ચલાવવા આવક મેળવે તે જરૂરી હતું. તેમને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનના કંચનબેન શાસ્ત્રી પાસેથી આ યોજનાની માહિતી મળી હતી અને તેમણે આ યોજના અંતર્ગત ત્રણ મહિનાની તાલીમ અને સીવણ મશીન નિઃશુલ્ક મળ્યું હતું.

તાલીમ બાદ તેમણે પોતાના ગામમાં સીવણ કામ થકી આવક મેળવવામાં સફળતા મેળવી હતી. તેઓ મહિને આઠ દસ હજાર કમાઈ લેતા તેમના પરિવારને મોટો ટેકો થયો છે.

# દાહોદ મોટા ઘાંચીવાડ વિસ્તારમાં ઈન્દોર હાઈવે જતાં રોડ ઉપર એક યુવકને ચપ્પાના ઘા મારી ફરાર

દાહોદ,

દાહોદના મોટાઘાંચી વાડ વિસ્તારમાં પાણીની ટાંકી નજીક ઈન્દોર હાઈવે જતાં રોડ ઉપર ત્રણ યુવકોએ મળી એક યુવકને ચપ્પુના ઘા મારી યૂવકો થયા ફરાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

દાહોદના મોટા ઘાંચીવાળ વિસ્તારના માળીના ટેકરા પર રહેતા શબ્બીભાઈ લખારાનો પુત્ર અરમાન લખારા દાહોદના મોટાઘાંચી વાડ વિસ્તારથી હાઈવે તરફ અરમાન લખારા અને એમના બે મિત્રો સાથે જમ્યા પછી લટાર મારવાં ઘરેથી નીકળ્યા હતા. તે સમયે મોટા ઘાંચીવાળ વિસ્તારથી ઈન્દોર હાઈવે તરફ જતાં રસ્તા પર ત્રણ જેટલાં યુવકો ઉભા હતા. જેને લઈ તે યુવકોએ જૂની અદાવતને લઈ અરમાન લખારાને ઘેરી લઈ અરમાન લખારાને જેમ તેમ ગાળો બોલી ઝગડો તકરાર શરૂ કરી દીધી હતી. ત્રણ જેટલા યુવકો માંથી એક યુવક જેનું નામ મોઈન કુરેશીએ કમરના ભાગે સંતાડી રાખેલ ચપ્પુ નીકાળી અરમાન લખારા પર એક પછી એક ચાર થી પાંચ જેટલા શરીરના અલગ અલગ જગ્યાએ ચપ્પુના ઘા મારી એ ત્રણે યુવકો નાશી ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત લોહી લુહાણ હાલતમાં યુવક જેમ તેમ ચાલી એના ઘરે આવતા છોકરાને લોહી લુહાણ હાલતમાં જોઈ પરિવાર જનો હક્કા બક્કા થયા હતા. તાત્કાલિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને બાઈક પર બેસાડી સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ઘટનાની જાણ દાહોદ એ ડીવીઝન પોલીસને થતા પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીઝ હાથ ધરવામાં આવી છે.

# ગુજરાતને દેશના વિકાસમાં અગ્રેસર રાખનારું સર્વ સમાવેશી, સર્વ પોષક અને સર્વ ગ્રાહ્ય બજેટ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલેની રાજ્ય સરકારના બજેટને આવકારતા પોતાની પ્રતિક્રિયા આપી હતી અને આ બજેટને અમૃતકાળનું બજેટ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ ગુજરાતનું સૌથી મોટું બજેટ છે. અને દેશના વિકાસમાં ગ્રોથ એન્જિન બનનારું બજેટ ગણાવ્યું હતું, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ પાચં બાબતો ઉપર આધારિત છે ગુજરાતનું બજેટ ૫ સ્થંભ ઉપર તૈયાર કરવામાં આવ્યુ છે. આજે કુલ ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડ નું બજેટ રજુ કરાયું છે.જેમાં આગામી વર્ષનો રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ પાચં બાબતો આ પ્રમાણે છે. ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ ની પાયાની સુવિધા માટે અંદાજે ૨ લાખ કરોડ ની ફાળવણી માનવ સંસાધન વિકાસ માટે ૪ લાખ કરોડ ની ફાળવણી વિશ્વ કક્ષાની આંતરાષ્ટ્રીય સવલતો માટે અંદાજે ૫ લાખ કરોડ ની ફાળવણી કૃષિ ઉદ્યોગ સેવાક્ષેત્ર ની આર્થીક પ્રવૃત્તિઓના વિકાસ માટે અંદાજે ૨ લાખ કરોડ ગ્રીનગ્રોથ માટે ૨ લાખ કરોડ ની ફાળવણી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આંતરારાષ્ટ્રીય મિલેટ્સ વર્ષને ધ્યાનમાં રાખતા શ્રી અન્ન યોજના પણ શરૂ કરવામાં આવી છે. આગામી વર્ષોમાં ફાઈબર નેટવર્ક વિસ્તારવાનો ધ્યેય આ બજેટમાં રાખવામાં આવ્યો છે. તેમજ ગુજરાતની રિન્યૂએબલ ઉર્જાનો વપરાશ વધારવા ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે આદિજાતિ વિકાસથી માંડીને વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત યાત્રાધામોના વિકાસ સાથે પ્રવાસન ઉપર પણ આ બજેટમાં ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષી શકાય તે માટે પ્રવાસન ઉપર ભાર મૂક્યો છે. આ બજેટ સર્વ સમાવેશી, સર્વ ગ્રાહ્ય અને સર્વ પોષક છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

# સંજેલીના હિરોલા ગામે ડીપ નાળાની કામગીરી હલકી જણાતા તોડી નંખાઈ

સંજેલી,

સંજેલી તાલુકાના હિરોલા ગામે આવેલ પાંડી ફળિયામાં જવા માટે આઝાદીના સમયથી ડામર રસ્તો નહિ હોવાના કારણે ગ્રામજનો દ્વારા વારંવાર રજુઆતો કરાયા બાદ હાલમાં જ રૂ.૧.૬૨ લાખના ખર્ચે નવીન ડામર રસ્તો મંજુર કરાયો છે. ત્યારે આ રસ્તાના કોન્ટ્રાકટર દ્વારા હાલમાં ડીપ બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે. જેમાં યોગ્ય ગુણવત્તા જળવાતી નથી. આ અંગે માજી તાલુકા સભ્ય નંદાબેન અલ્કેશભાઈ કરાટા દ્વારા માર્ગ અને મકાન વિભાગમાં જાણ કરવામાં આવી હતી. આ અંગે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ દ્વારા રૂબરૂ કામનુ ચેકિંગ કરવામાં આવ્યુ હતુ જેમાં એસ્ટિમેન્ટમાં બતાવ્યા પ્રમાણે કામ ન હોવામના કારણે ડીપ તોડી નાંખવા જણાવ્યુ હતુ. આ રસ્તો મુખ્ય શાળા હિરોળાથી પાંડી ફળિયાને જોડતો માર્ગ છે. આઝાદી બાદ લોકો ગાડા વાટનો ઉપયોગ કરતા હતા. દવાખાને જવુ હોય તો પણ ચાલીને જવુ પડતુ હતુ. આ રસ્તો બનવાથી આશરે ૧૫૦૦ જેટલી વસ્તીને લાભ થશે. જેથી કામની ગુણવત્તા જળવાઈ રહે તેવી માંગ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.158

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા


પંચમહાલ સમાચાર

## તત્કાલીન વડોદરા SRP ગૃપ-૯ અને હાલ SRP ગૃપ-૬ના

# IPS એમ.ડી.જાની સામે વર્ગ-૪ની કાયમી ભરતી માટે ૫૦ લાખ લઈ છેતરપિંડી કર્યાના આક્ષેપ થતાં હડકંપ

ગોધરા,

વડોદરા SRP ગૃપ-૯ના તત્કાલીન અને SRP ગૃપ-૬ મુળેટી ખાતે કમાન્ડર તરીકે ફરજ બજાતા IPS એમ.ડી.જાની ઉપર છેતરપિંડી કરવાના આક્ષેપ સાથે તેમની ફરજકાળ દરમિયાન આસીસ્ટન્ટ કૂક સહિત ૧૦ વ્યકિતઓ સાથે છેતરપિંડીના આક્ષેપ સાથે અરજી કરતાં હડકંપ મચી જવા પામ્યો છે.





વડોદરા SRP ગૃપ-૯ના તત્કાલીન અને હાલ SRP ગૃપ-૬ મુળેટી ખાતે ફરજ બજાવતા એમ.ડી.જાની જયારે વડોદરા ખાતે કમાન્ડર હતા. તે વખતે તેમના ધર્મપત્ની દ્વારા વર્ગ-૪ની કાયમી ભરતી કરવા તેમના નિવાસ સ્થાને આસીસ્ટન્ટ કૂક તરીકે ફરજ બજાવતા જશુ બારીયાને વર્ગ-૪ની ભરતી કરવા માટે છોકરા શોધી લાવવાનું જણાવી વર્ગ-૪ની કાયમી ભરતીના હુકમ માટે પ્રતિ હુકમના રૂપીયા ૫ લાખની માંગણી કરી હતી. વડોદરા SRP ગૃપ કમાન્ડરના નિવાસ સ્થાને ફરજ બજાવતા આસીસ્ટન્ટ કૂક જશુ બારીયા એ તેમના સગાસંબંધી અને મિત્રોને કાયમી ભરતીની વાત કરતાં નોકરી વાંચ્છુઓ ૧૦ યુવાનોના નામે પ્રથમ ૩૫ લાખ રૂપીયા અને બાદમાં ૧૫ લાખ એમ.ડી.જાની અને તેમના ધર્મપત્નીને તેમના નિવાસ સ્થાને આપ્યા હતા. અરજદાર જશુ બારીયા અને અન્ય ૧૦ વ્યકિતઓના ૫૦ લાખ આપ્યા બાદ વર્ગ-૪ની કાયમી નોકરીનો હુકમ ન મળતાં IPS એમ.ડી.જાની અને તેમના ધર્મપત્નીને જશુ બારીયા એ તેમના ઘરે અને ઓફિસમાં જઈ નોકરીના હુકમ અથવા નાણાં પરત આપવાની માંગ કરી હતી. અનેક રજુઆત બાદ પણ નોકરીના હુકમ કે નાણાં પરત નહિ મળતા જશુ બારીયા દ્વારા અરજી કરવામાં આવતાં IPS એમ.ડી.જાનીના ધર્મપત્ની દ્વારા અરજદારને જે કરવું હોય તે કરે વધારે રજુઆત કરશે તો નોકરી માંથી કાઢી મૂકીને જાન થી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાના જશુ બારીયા દ્વારા અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો. આઈ.પી.એસ. એમ.ડી.જાની ઉપર વર્ગ-૪ની કાયમી ભરતી કરવા માટે ૫૦ લાખ રૂપીયા લેવાના આક્ષેપ રાજયના ગૃહમંત્રી, ડીજી સહિત ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરતાં હાલ IPS એમ.ડી.જાની ઉપર થયેલ આક્ષેપને લઈ હડકંપ મચી જવા પામ્યો.

## શહેરા MGVCLની ટીમ દ્વારા તાલુકાના પશ્ચિમમાં આવેલા ૧૨ જેટલા ગામોમાં ૨૯ ટીમો દ્વારા વીજ ચેકીંગ

શહેરા,

શહેરા એમ.જી.વી.સી.એલ.ની ટીમ દ્વારા તાલુકાના પશ્ચિમમાં આવેલા ૧૨ જેટલા ગામોમાં ૨૯ ટીમો વીજ ચેકીંગ ઓચિંતું હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે વિજ મીટરોના ચેકીંગ દરમિયાન ૧૧૭ જેટલા વિજ મીટરોમાં ચોરી પકડાતા ૨૨ લાખ જેટલી માતબર રકમની વીજ ચોરી પકડી પાડવામાં આવી હતી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામાં શુક્રવારની સવારે ગોધરા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરની સૂચનાને લઈને એમ.જી.વી.સી.એલ.ના નાયબ કાર્યપાલક ઈજનેર સી.એમ.સિંઘની રાહબરી હેઠળ પશ્ચિમમાં આવેલા રેણા, મોરવા, તરસંગ, સાધરા, ઉજડા, વકતાપુરા, ભૂરખલ, ભાટના મુવાડા, વાડી, નવી વાડી, વલ્લભપુર અને નવા વલ્લભપુર ગામોમાં સવારના ૬/૩૦ વાગ્યાથી પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની ૧૯ ટીમો અને ૧૦ ટીમો વડોદરા વિજિલન્સની મળી કુલ ૨૯ ટીમો દ્વારા શહેરા પી.આઈ. રાહુલ રાજપુત અને પોલીસ કાફલા તો બીજી તરફ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL)ની પોલીસ સાથે રહેણાંક મકાનોના વિજ મીટરોનું ચેકીંગ હાથ ધરાયું હતું. જેમાં ૧૧૭ જેટલા વીજ મીટરોમાં ગેરરીતિ પકડાતા અંદાજિત ૨૨ લાખ રૂપિયાની વીજચોરી પકડી પાડવામાં આવી હતી. વીજચોરી પકડાતા થોડીવાર માટે તો અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અત્રે નોંધનીય છેકે, ૨૨ લાખ રૂપિયા જેટલી માતબર રકમની વીજચોરી ઝડપાતા એમ.જી.વી.સી.એલ.ને આ પહેલા કેટલું મોટું આર્થિક નુકશાન સહન કરવાનોવારો આવ્યો હશે ! ૧૨ ગામોમાં એમ.જી.વી.સી.એલ દ્વારા સજીર્કલ સ્ટ્રાઈક કરવામાં આવતા રહેણાંક મકાનોમાં વિજમીટર થકી વીજચોરી કરતા લોકોમાં ફફડાટ ફેલાયો જોવા મળ્યો હતો. તમામ ૧૧૭ જેટલા વિજગ્રાહકો કે જે વિજચોરીમાં પકડાયા હતા. તેઓ પાસેથી સ્થળ પર જ વીજ દંડ વસુલવામાં આવ્યો હતો.

### શહેરામાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના

## નવી ભવન અંદાજીત એક કરોડ રૂપિયાના ખર્ચે બનનાર હોય તેનો શિલારોપણ સમારંભ યોજાયો હતો

શહેરા,

શહેરામાં શિવમ સોસાયટીમાં આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયનું નવીન ભવન અંદાજિત રૂપિયા એક કરોડના ખર્ચે બનનાર છે. આ નવીન ભવનનું શિલારોપણ સમારંભ કાર્યક્રમનું આયોજન બ્રહ્માકુમારી સુરેખા દીદી, બ્રહ્માકુમારી રતનદીદી અને જયા દીદી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રયાગરાજ થી આવેલ મહંત પ્રદીપ ગીરીજી, બ્રહ્માકુમારી નીરજના દીદી, સુરેખા દીદી, નગરના અગ્રણી મુકેશભાઇ દેસાઈ, તાલુકા વિકાસ અધિકારી




રણજીતસિંહ માટી એડા, રેફરલ હોસ્પિટલના અધિક્ષક અશ્વિનસિંહ રાઠોડ, ગાયનેક ડોક્ટર દીપ ભાવસાર તેમજ જેકી મુલચંદાણી, પ્રદીપ પદવાણી સહિતના ઉપસ્થિત મહાનુભાવો હસ્તે દીપ પ્રાગટચ કરીને આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પ્રજાપ્રિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયનું નવીન બનનાર ભવવનું બ્રહ્માકુમારી દીદી તેમજ પ્રયાગરાજ થી આવેલ મહંત અને મહાનુભવોના હસ્તે શુભ મુહૂર્તમાં પૂજા-અર્ચના કરીને શિલારોપણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે તાલુકા પંથક માંથી મોટી સંખ્યામાં શિવ ભક્તો તેમજ નગરના અગ્રણીઓ સાથે તાલુકા મથક ખાતે આવેલ વિવિધ કચેરીના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઘોઘંબાના સીમલીયા ગામ પાસે ઈકો ગાડીએ બાઈક ચાલકને અડફેટે લેતા મોત

ગોધરા,

દામાવાવ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સીમલીયા ગામે ઈકો ગાડીના ચાલકે રોંગ સાઈડમાં ગાડી હંકારી સામેથી આવતા બાઈક ચાલકને અડફેટમાં લેતા તેનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. જયારે બાઈકની પાછળ બેઠેલા તેના મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ગાડીનો ચાલક ગાડી સ્થળ ઉપર મુકી ફરાર થઈ ગયો હતો.

દાહોદ જિલ્લાના દે.બારીઆ તાલુકાના ખાંડણીયા માળ ફળિયામાં રહેતા મુકેશભાઈ રમેશભાઈ નાયક તેના મિત્ર પંજયભાઈ રણછોડભાઈ બારીયા સાથે બાઈક પર દામાવાવ પાસેના સીમલીયા ગામ પાસેથી પસાર થતા હતા દરમિયાન ઈકો કારનો ચાલક રોંગ સાઈડે પોતાની ગાડી લઈને સામેથી આવતા મુકેશભાઈની બાઈકને અડફેટે લીધી હતી. જેમાં બાઈક ચાલક અને તેનો મિત્ર રોડ પર ફંગોળાયા હતા. જેમાં બંનેને ઈજાઓ પહોંચતા મુકેશભાઈનુ ઘટના સ્થળ પર જ મોત નીપજયું હતુ. જયારે પાછળ બેઠેલા તેના મિત્ર પંજયાભાઈને સામાન્ય ઈજા થઈ હતી. બનાવને પગલે ત્યાંથી પસાર થતાં લોકો તેમજ આસપાસના રહિશો દોડી આવ્યા હતા. જયારે ઈકોના ચાલક તેની ગાડીને ત્યાં જ મુકી નાસી ગયો હતો. બનાવ અંગે મુકેશભાઈએ દામાવાવ પોલીસ મથકે ઈકો ગાડીના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ કરતા ઈકો ગાડી ઘોઘંબા તાલુકાના દેવલી કુવા પાસે રહેતા રણજીતભાઈ પ્રભાતભાઈ બારીયાની હોવાનુ સામે આવ્યુ હતુ.

## ૨૦૧૪માં સમાજ સુરક્ષા કચેરીના ૩ હજારની લાંચમાં પકડાયેલ આરોપીને ૪ વર્ષની સજા ફટકારતી એડી.સેશન્સ કોર્ટ

ગોધરા,

પંચમહાલ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારી ૨૦૧૪ના વર્ષમાં સંતરામપુર તાલુકાના દિવ્યાંગ વ્યકિત પાસેથી ૩ હજારની લાંચની માંગણી કરતાં એ.સી.બી.ના સાથે ઝડપાયેલ અર્જનસિંહ બારીયાનો પંચમહાલ એડીશનલ સેશન્સ કોર્ટ જજ દ્વારા ૪ વર્ષની સજા ફટકારવામાં આવી.

ગોધરા ખાતે આવેલ જીલ્લા એડીશનલ સેશન્સ જજ એમ.પી.મહેતાની કોર્ટમાં ૨૦૧૪ની સાલમાં સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારી અર્જનસિંહ સોમસિંહ બારીયા વિકલાંગ સહાય આપવા માટે લાંચ માંગી હતી. સંતરામપુર તાલુકાના દિવ્યાંગ વ્યકિત રામભાઈ મકનાભાઈ રજાત પાસેથી ૩,૦૦૦/- રૂપીયાની લાંચની માંગણી કરવામાં આવી હતી. અરજદાર લાંચ આપવા ના માંગતા ગોધરા એ.સી.બી. કચેરીનો સંપર્ક કરી આરોપી અર્જનસિંહ સોમસિંહ બારીયાને છટકું ગોઠવીને લાંચ લેતાં ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલતા ફરિયાદી પક્ષના પુરાવાને ધ્યાનમાં રાખી મદદનિશ સરકારી વકીલ એમ.કે.દેશમુખની દલીલોને ધ્યાનમાં રાખીને આરોપી અર્જનસિંહ બારીયાને ૪ વર્ષની સજા અને ૫ હજારનો દંડ ફટકારવામાં આવતાં જીલ્લામાં લાંચીયા અધિકારી કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## શહેરાના વાઘજીપુર કોલેજ ખાતે ફાયર સેફ્ટી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ આર્મી અગ્નિવીર માટેનો માર્ગદર્શન સેમિનાર યોજાયો



શહેરા,

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામીજી મહારાજ પ્રેરિત અને સદ્ગુરૂ ભગવત્પ્રિયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ શહેરા તાલુકાના વાઘજીપુર ખાતે આવેલ શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટ્સ કોલેજમાં કોલેજના ટ્રસ્ટી કિરણભાઈ પટેલના અદયક્ષ સ્થાને આર્મી અગ્નિવીર માટેનો માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્કયુ ટ્રેનિંગ એકેડમીના ચીફ કો.ઓર્ડીનેટર મંજીત વિશ્વકર્મા દ્વારા ફાયર-સેફ્ટીના ડેમો, આગ સલામતી, પ્રાથમિક સારવાર, શોધ અને બચાવ જેવા વિષય પર તેમજ આપત્તિ વ્યવસ્થાપન આપત્તિના પ્રકાર, આગના પ્રકાર તેમજ પ્રાથમિક સારવાર અને સમજ અપાઈ હતી, સાથે જ કોમ્પિટિટિવ પરીક્ષા, આર્મી તેમજ પોલીસ વિશે પણ વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડો.અશોક બારીયા તેમજ સમગ્ર અદ્યાપક ગણ અને કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જિલ્લાના વાઘજીપુર ખાતે પ્રાકૃતિક ખેતી અંગે એક દિવસીય શિબિર યોજાઈ

શહેરા,

શહેરા તાલુકાના વાઘજીપુર ખાતે "બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ" અંતર્ગત એક દિવસીય ખેડુત તાલીમ યોજાઈ હતી, આ કાર્યક્રમમાં જિલ્લાના બાગાયત વિભાગ, જિલ્લા ખેતીવાડી વિભાગ, આત્મા કચેરી સહિત વિવિધ વિવિધ કચેરીના કર્મચારીઓએ બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયત વિભાગ હસ્તક ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓની માહિતી આપી હતી. આ સાથે ઉપસ્થિતોને સ્થાનિક પાકો વિશે પણ માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાઘજીપુર આસપાસના ગામોના ખેડૂતો સહિત ગામલોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરાના ખાનગી ગેસ્ટ હાઉસમાં ઉતારૂઓનુ રજીસ્ટ્રેશન ન થતાં પોલીસ ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરમાં આવેલ ખાનગી ગેસ્ટ હાઉસમાં ઉતારૂઓનુ રજીસ્ટર મુજબની એન્ટ્રીઓ પથિક સોફટવેરમાં ઓનલાઈન નોંધણી નહિ કરતા પંચમહાલ જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાંનો ભંગ કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકની સામે આવેલા જનતા ગેસ્ટ હાઉસના સંચાલક જતીન પટેલ પોતાના ગેસ્ટ હાઉસના રિસેપ્શન ઉપરના ઉતારૂઓના રજીસ્ટર મુજબની એન્ટ્રીમાં પથિક સોફટવેરમાં ઓનલાઈન નહિ કરી જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરા તરફથી જાહેર કરેલ જાહેરનામાંનો ભંગ કરી ગુનો કર્યો હતો. ત્યારે આ મામલે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## નવા ઉદ્યોગને આકર્ષવા સાથે સરકારે રોજગારી માટે આપી વિપુલ તક, બજેટમાં કરાઈ કરોડોની જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૩-૨૪નું ૨૪ ફેબ્રુઆરીએ સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આજે ગુજરાતનું બજેટ રજુ થયું હતું. બજેટમાં નાણામંત્રી કનુ દેસાઈએ અનેક માળખાકીય સુવીધાઓ, આરોગ્ય અને રોજગારી જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેરાત કરી હતી, જેમાં ઉદ્યોગ વિભાગને લઈને કેટલીક મહત્વની જાહેરાત કરવામાં આવી છે,

ગુજરાત સરકારે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન-એસઆઈઆરમાં ડેવલપ થયેલી લેન્ડના ૩૭.૫૦ ટકા જેટલી જમીન ભારતના સૌપ્રથમ સેમી કન્ડક્ટર પ્લાન્ટ માટે ફાળવણી થઈ છે. વેદાંતા ફોક્સકોન દ્વારા થયેલી ફાળવણીની પ્રક્રિયાનો પત્ર ભારત સરકારને મોકલવામાં આવ્યો છે. જ્યાંથી મંજૂરી મળ્યા બાદ આ કંપની ધોલેરા એસઆઈઆરમાં પ્લાન્ટનું બાંધકામ શરૂ કરશે. રૂ.૧.૫૦ લાખ કરોડના રોકાણ સાથે કંપનીએ આગામી ત્રણેક વર્ષમાં સેમિ કન્ડક્ટરનું ઉત્પાદનો શરૂ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી દરમિયાન ઓટો મોબાઈલથી શરૂ કરીને ઈલેક્ટ્રોનિક ગેઝેટ સહિત કાર, વોશિંગ મશીન, ફ્રિજથી શરૂ કરીને બેંકિંગ વ્યવહારો માટે ઉપયોગી એવા ડેબિટ-ક્રેડિટકાર્ડ સહિત તમામ પ્રકારના ઈલેક્ટ્રોનિક ગેઝેટમાં ચીપ અર્થાત સેમી કન્ડક્ટર ઉપકરણો માટે વિશ્વ આખુ ચીન ઉપર નિર્ભર છે. આ તબક્કે સેમી કન્ડક્ટરના ઉત્પાદન માટેનો ભારતનો સર્વપ્રથમ પ્લાન્ટ ધોલેરામાં સ્થપાવા જઈ રહ્યો છે. વેદાંતા ફોક્સકોનને ૬૦૦ એકર જમીન ફાળવણી બાદ તેમની મંજૂરી માટે ગુજરાત સરકારે ભારત સરકારને પત્ર મોકલ્યો છે. જેની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ભારતીય કંપની વેદાંતા અને તાઈવાન બેઝડ ફોક્સકોનનુ એક ડેલિગેશન સપ્તાહથી ધોલેરા અને ગાંધીનગરમાં હોવાનું જાણવા મળ્યુ હતુ.

નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે ટેક્સટાઈ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે રૂ ૧૫૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.મોટા ઉદ્યોગો અને એકમોને પ્રોત્સાહન આપવા માટે રૂ ૮૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.એમએસએમઈ ક્ષેત્રો રાજ્ય માટે કરોડરજ્જુ સમાન છે આ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ૧૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.જયારે ઉદ્યોગોની લોજીસ્ટીક કોસ્ટ ઘટાડવા માટે , લાસ્ટ માઈલ રેલ કનેક્ટિવીટી પૂરી પાડવા તેમજ લોજીસ્ટીક ફેસીલીટી વિકસાવવા રફાળેશ્વર અને બેડી પોર્ટ ટર્મિનલ બનાવવા રૂ ૨૩૭ કરોડની જોગવાઈ કરવામાં આવી

કુટીર ઉદ્યોગ માટે જાહેરાત કરતા નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે ઓડીઓપી યોજના હેઠળ દરેક જિલ્લાની ખાસ ઉત્પાદિત આઈટમની આંતરરાષ્ટ્રીય ઓળખ ઊભી કરવા માનનીય વડાપ્રધાનશ્રીએ આહ્વાન કરેલ છે. પાટણના પટોળા, જામનગરની બાંધણી અને કચ્છનું ભરતકામ એ ગુજરાતની આગવી ઓળખ અને ભવ્ય વારસાના પ્રતિક છે, કે જેમને જી.આઈ.ટેગ મળેલ છે. એકતાનગર ખાતે દેશના વિવિધ રાજયોના ઉત્પાદનો અને હસ્તકલા ઉત્પાદનોના પ્રમોશન તથા વેચાણ માટે યુનિટીમોલ સ્થાપવામાં આવેલ છે. આજ પેટર્ન પર ગાંધીનગર ખાતે પણ યુનિટીમોલ સ્થાપવામાં આવશે. જયારે શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના અન્વયે ૩૭ હજાર લાભાર્થીઓ માટે રૂ૨૩૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જયારે માનવ કલ્યાણ યોજના અન્વયે ૨૭ ટ્રેડ માટે અંદાજે ૩૫ હજાર લાભાર્થીઓને લાભ આપવામાં આવશે.

## 'દુષ્કર્મ બાદ મહિલાની હત્યા', મુન્દ્રામાં મહિલાના મૃતદેહને લઈને મોટો ખુલાસો થયો

ભુજ,

કચ્છના મુન્દ્રામાં રતાળિયા ગામ નજીકથી મળેલ મહિલાના મૃતદેહને લઈને મોટો ખુલાસો થયો છે. પોલીસ તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મહિલા સાથે દુષ્કર્મ કર્યા બાદ હત્યા કરી હોવાનુ સામે આવ્યુ છે. એટલુ જ નહીં પોલીસની પ્રાથમિક તપાસમા જાણવા મળ્યુ છે કે સૌથી પહેલા આરોપીએ મહિલાનુ અપહરણ કર્યુ હતુ અને ત્યાર બાદ દુષ્કર્મ કરી મહિલાનુ મોઢુ દબાવી હત્યા કરી હતી. હાલ પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનુ છે કે ૨૨ ફેબ્રુઆરીએ મહિલા મંદિરે દર્શન કરવા જતા હોવાનુ કહીને નીકળ્યા હતા,પરંતુ બાદમાં ઘરે પરત ન ફરતા પરિવારજનોએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં પોલીસે તપાસ કરતા રતાળિયા ગામની સીમમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. થોડા દિવસો અગાઉ સુરતમાં બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી.આરોપી મુકેશ પંચાલ માસૂમને ફોસલાવીને લઈ ગયો હતો અને દુષ્કર્મ ગુજાર્યુ હતું. એટલું જ નહીં બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યા કરી નાખી હતી અને લાશને પેટી પલંગમાં છૂપાવી દીધી હતી. કેસની ગંભીરતા જોતા પોલીસે બીજા દિવસે જ આરોપી મુકેશ પંચાલની ધરપકડ કરી હતી અને આરોપી સામે પોલીસે ઝડપી ચાર્જશીટ ફાઈલ કરી હતી. કોર્ટની પ્રોસિડિંગ પણ ઝડપી ચલાવવામાં આવી હતી.

## વડોદરાના તરસાલીના યુવકનો વ્યાજના વિષચક્રમાં ફસાઈને આપઘાત

વડોદરા,

વ્યાજના વિષચક્રમાં ફસાઈને વડોદરા જિલ્લાના તરસાલીના યુવકે આપઘાત કર્યો છે તેણે પોતાની સ્યૂસાઈડ નોટમાં પોલીસને ઉદ્દેશીને લખ્યું છે કે મે પુલિસવાલો કો રિક્વેસ્ટ કરતા હું કી અક્ષય જેસે લોગો કો માફ મત કરના. મૃતક મૃતક નિશાંત સિંહે અક્ષય નામના વ્યાજખોર પાસેથી ૧૫ ટકાના વ્યાજે ૨૦ હજાર ઉછીના લીધા હતા અને વ્યાજખોર અક્ષયને ૫૦૦૦ ચૂકવી દીધા હતા. બાકીના રૂપિયા માટે અક્ષય પઠાણી ઉઘરાણી કરતો હતો. તરસાલીની બાલાજી રેસિડન્સીમાં રહેતા નિશાંત સિંહ નામના યુવાને આપઘાત ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, મે પુલિસવાલો કો રિક્વેસ્ટ કરતા હું કી અક્ષય જેસે લોગો કો માફ મત કરના. આ ઘટનામાં મકરપુરા પોલીસે સ્યુસાઈડ નોટના આધારે વ્યાજખોરો સામે આત્મહત્યાની દુષ્પ્રેરણા માટેનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે તાજેતરમાં જ વ્યાજ ખોરીના દૂષણ વિરુદ્ધની ઝૂંબેશ અંતર્ગત વડોદરા શહેર-જિલ્લા પોલીસ દ્વારા બેંક લોન મંજૂરીપત્ર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પોલીસ દ્વારા વ્યાજખોરીના દૂષણમાંથી બચાવવા નાગરિકોને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે બેંક લોનના મંજૂરીપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. તે સમયે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, વ્યાજખોરો માટે ગુજરાતમાં કોઈ સ્થાન નથી. વ્યાજખોરીનું દૂષણ ચલાવનારાઓ ગુજરાત બહાર જતા રહે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં આ અભિયાન હેઠળ અત્યાર સુધી ત્રણ હજાર જેટલા પરિવારોને ન તો માત્ર વ્યાજખોરીના વિષચક્રમાંથી બચાવી લેવાયા છે.